[ભારતના ભાગ્ય વિધાતા]



મહાત્માજીનો અંતરનાદ

(બાપુજીના શબ્દોમાં)

કિંમત ૪ આના

મહાત્માજીના
અંતરનાદ

[તેમના પોતાનાજ શબ્દોમાં]

કીંમત ૪ આના.

પ્રકાશક—
નંદલાલ મોહનલાલ પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

પત્ની પતિની દાસી નથી પણ તેની સહચારિણી છે, સહ ધર્મિણી છે, બંને એક બીજાના સુખ દુઃખના સરખા ભાગીદાર છે અને જેટલી સ્વતંત્રતા સારૂં નઠારૂં કરવાની પતિને છે, તેટલીજ પત્નીને છે.

× × ×

સત્યાગ્રહ એટલે સત્યનો આગ્રહ રાખતાં મનુષ્યને અતુલ બળ મળે છે.

× × ×

સત્યાગ્રહી કોઈની ઉપર ગુસ્સો નહિં કરે, તે વિરોધીઓનો ગુસ્સો સહન કરે.

× × ×

અહીંસાનો ખરો અર્થ એ છે કે આપણે કોઇને હાની પહોંચાડવી નહિં.

× × ×

લે. ગાંધીજી.

મુદ્રક :—બા. ના. આંબડેકર, પૉપ્યુલર પ્રિંટિંગ પ્રેસ,
સર્વમહાલ, મુંબઇ નં૦ ૪.

મુંબઈની નવમી સંગ્રામ સમિતિના વેપારી પ્રમુખ



શ્રીયુત વિરચંદ પાનાચંદ શાહ.

જેમણે વેપારી આલમમાં [illegible] આપી કોંગ્રેસ [illegible]

[illegible]

— અર્પણ પત્રિકા —

મુંબઈની નવમી સંગ્રામ સમિતિના પ્રમુખ, નામાંકિત
નેતા અને વ્યાપારી આલમને જાગૃત કરનાર

શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ.

કે જેઓએ

મહાત્માજીએ આદરેલા ધર્મયુદ્ધની અંદર
ચાહીને ઝંપલાવી જેલ મહેલ સ્વીકાર્યો છે.
તેઓને આ લઘુ પુસ્તક હું

સમર્પિત કરૂં છું:

લી૦
પ્રકાશક.

Printers: M. Vadilal & Co. Bhangwadi, Bombay.

❀ નિવેદન. ❀

જ્યારે તેત્રીસ કરોડ પ્રજાનો આત્મા દેશની મુક્તિ માટે જગતની એક મહાનમાં મહાન સલ્તનત સામે અહિંસક યુદ્ધના સંગ્રામ માંડતો હોય, દેશના આબાલ વૃધ્ધોને એ સંગ્રામમાં સાથ આપવાને આમંત્રણતો હોય અને ભારતી મૈયાની પરાધીનતા નષ્ટ કરવા દેહની પણ પરવા કર્યા વગર એ પોતાના દેશ બાંધવોથી, મિત્રોથી, સંબંધીયોથી, પત્નિ પુત્રોથી દૂર યરવડા જેલમાં વિરાજતો હોય એવા અવસરે સ્વાતંત્ર્ય-યજ્ઞે ચઢેલા ભારતીય સન્તાનો એમના જીવનના અંતરનાદ ઝીલે ઓળખે અને પોતાના જીવન સાથે ઓતપ્રોત કરે એજ આ પુસ્તકના પ્રકાશનનો હેતુ છે.

આ પુસ્તક સંબંધી મદદ કરવા માટે ભાઈશ્રી અરવિન્દ નર્મદા શંકર શાસ્ત્રીનો તેમજ પ્રકાશનના કાર્ય માટે મદદ કરનાર પોપ્યુલર પ્રીન્ટીંગ પ્રેસના સંચાલકોનો પણ હું આભાર માનવાની આ તકે રજા લઉ છું.

નંદલાલ મોહનલાલના,
વન્દેમાતરમ્.

મહાત્માજીના

અંતરનાદ

[તેમના પોતાનાજ શબ્દોમાં]

મહાત્માજીના અંતરનાદ

૧

હાઇસ્કુલના પહેલા જ વર્ષનો, પરીક્ષા વખતનો એક બનાવ નોંધવા યોગ્ય છે. એક વખતે કેળવણીખાતાના ઇન્સ્પેકટર જાઇલ્સ નિશાળ તપાસવા આવ્યા હતા. તેમણે પહેલા ધોરણના છોકરાઓને પાંચ શબ્દ લખાવ્યા. તેમાં એક શબ્દ 'કેટલ' (kettle) હતો. તેની જોડણી મેં ખોટી લખી. માસ્તરે મને પોતાના બૂટની અણી મારી ચેતવ્યો. પણ હું શાનો ચેતું? મને એમ ભાસી ન શક્યું કે માસ્તર મને સામેના છોકરાની પાટીમાં જોઇ લઇ જોડણી સુધારવાનું કહે. માસ્તર તો અમે એકબીજામાંથી ચોરી ન કરીએ એ જોતા હતા એવું મેં માનેલું. બધા છોકરાના પાંચે શબ્દ ખરા પડ્યા ને એકલો હું ઠોઠ ઠર્યો! મારી 'મુર્ખાઇ' મને માસ્તરે પાછળથી સમજાવી; પણ મારા મન ઉપર તે સમજુતીની કશી અસર ન થઇ. મને બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં કદી ન આવડ્યું.

× × ×

૨

હું અને મારી પત્નિ લગ્ન વખતે માયરે બેઠાં, ચોરીફેરા ફર્યાં, કંસાર ખાધો, ખવડાવ્યો અને વરવહુ ત્યારથીજ સાથે રહેતાં થયા. એ પ્રથમ રાત્રિ! બે નિર્દોષ બાળકોએ

વગરજાણ્યે સંસારમાં ઝંપલાવ્યું. ભાભીએ શીખામણ આપી કે મારે પહેલી રાતે કેમ વરતવું. ધર્મપત્નીને કોણે શીખામણ આપી હશે એ તો મેં પૂછ્યું હોય એવું યાદ નથી. હજી પુછાય એમ છે. પણ પૂછવાની ઇચ્છા સરખીયે થતી નથી. વાંચનાર એટલું જાણે કે અમે બન્ને એકબીજાથી ડરતાં હતાં એવો ભાસ આવે છે. એકબીજાથી શરમાતા તો હતાં જ. વાતો કેમ કરવી, શી કરવી એ હું શું જાણું? મળેલી શીખામણ પણ મદદ શું કરે! પણ કંઈ શીખવવું તે પડે! જ્યાં સંસ્કાર બળવાન છે ત્યાં શીખામણ બધી મિથ્યા વધારો થઇ પડે છે. ધીમેધીમે એકબીજાને ઓળખતાં થયાં, બોલતાં થયાં. અમે બન્ને સરખી ઉમ્મરનાં છીએ.

× × ×

૩

એક શનિવારે નિશાળ સવારની હતી. સાંજે ચાર વાગે કસરતમાં જવાનું હતું. મારી પાસે ઘડિયાળ નહોતી. આકાશમાં વાદળાં હતાં તેથી વખતની કંઈ ખબર ન રહી. વાદળાંથી હું છેતરાયો. કસરતમાં પહોંચ્યું ત્યાં તો બધા જતા રહ્યા હતા. બીજે દિવસે ગીમી સાહેબે હાજરી તપાસી તો હું ગેરહાજર નીકળ્યો. મને કારણ પુછ્યું. મેં તો જે હતું તે કારણ બતાવ્યું. તેમણે તે સાચું ન માન્યું ને મારો એક આનો કે બે આના (કેટલો એ બરાબર યાદ નથી) દંડ થયો. હું ખોટો ઠર્યો! મને અતિશય દુઃખ થયું. 'હું ખોટો નથી' એ કેમ સિદ્ધ કરૂં? કશો ઉપાય ન રહ્યો. મનમાં સમસમી રહ્યો. રોયો. સમજ્યો કે સાચું બોલ-

નારે ને સાચું કરનારે ગાફેલ પણ ન રહેવું જોઇએ. આવી અફલાત મારા ભણતરના સમયમાં આ પહેલી અને છેલ્લી હતી મને ઝાંખું સ્મરણ છે કે છેવટે હું એ દંડ માફ કરાવી શકયો હતો.

× × ×

૪

મારા પોતાના પિતાશ્રી એક સંસ્થાનમાં નોકર હતા. તેમના રાજા અધર્મી હતા. મેં એમને પુછયું કે આવા રાજાની નોકરી તમે છોડી કેમ નથી દેતા? તેઓ કહે: આપણે એનું લુણ ખાધું છે. મારા પિતા લુણહરામી ન થયા, પણ વિષય, માંસ અને દારૂમાં ચકચૂર રાજાનું આશ્રિત અમારૂં આખું કુટુંબ રહ્યું. આખા હિંદુસ્થાન સમક્ષ હું કહી રહયો છું કે આપણી પાસે બીજો કોઈ ધર્મ નથી. ગમે તેવા પુણ્યવાન્ પુરૂષો હોય તોપણ એ પ્રવૃત્તિનો સ્પર્શ થવાથી તેઓ સારા રહેતા નથી.

× × ×

યુવાવસ્થાના અંતરનાદ.

(ઇંગ્લેન્ડમાં)

૫

એક વખત હું વેંટનર ગયેલો. ત્યાં મજમુદાર પણ હતા. અહીં એક અન્નાહારી ઘર હતું ત્યાં અમે બન્ને રહેલા.

'એથિકસ ઑફ ડાયટ' ના કર્તા આ જ બંદરમાં રહેતા હતા. અમે તેમને મળ્યા અહીં અન્નાહારને ઉત્તેજન આપવાની એક સભા મળી. તેમાં અમને બન્નેને બોલવાનું આમંત્રણ મળ્યુ. બન્નેએ કબુલ રાખ્યું. લખેલું ભાષણ વાંચવામાં કંઇ બાધ ન ગણાતો એમ મે જાણી લીધું હતું. પોતાના વિચારો કટીબદ્ધ ને ટુંકામાં મૂકવાને સારૂ ઘણા લખેલું વાંચતા એમ હું જોતો. મેં મારૂં ભાષણ લખ્યું. બોલવાની હિમ્મત નહોતી. હું વાંચવા ઉભો થયો ત્યારે વાંચી પણ ન શકયો. આંખે સુઝે નહિ ને હાથપગ ધ્રૂજે. મારૂં ભાષણ ભાગ્યે ફુલ્સકેપનું એક પાનું હશે. તે મજમુદારે વાંચી સંભળાવ્યું. મજમુદારનું ભાષણ તો સરસ થયું. સાંભળનારા તેમનાં વચનોને તાળીઓના અવાજથી વધાવી લેતા હતા. હું શરમાયો ને મારી બોલવાની અશક્તિને લીધે દુઃખ પામ્યો.

× × ×

૬

મને જ્યારે વ્યાધિ લાગુ પડયો ત્યારે તે પણ એક ચર્ચાનો વિષય થઈ પડયો. મારા ખોરાકના પ્રયોગો તો ચાલતા જ હતા. તે વેળાનો મારો ખોરાક ભોંયસીંગ, કાચાં અને પાકાં ફળાં, લીંબુ, જીતુનનું તેલ, ટમાટાં, દ્રાક્ષ વગેરે હતો. દુધ, અનાજ, કઠોળ વગેરે મુદલ નહોતો લેતો. મારી સારવાર જીવરાજ મહેતા કરતા હતા. તેમણે દુધનો અને અનાજ ખાવાનો ભારે આગ્રહ કર્યો. ફરિયાદ ગોખલે સુધી

પહોંચી. ફળાહારની મારી દલીલ વિષે તેમને બહુ માન નહોતું; આરોગ્ય સાચવવાને સારૂ દાક્તર કહે તે લેવાનો આગ્રહ હતો.

ગોખલેના આગ્રહને ઠેલવો મારે સારૂ બહુ કઠિન વાત હતી. તેમણે જ્યારે ખુબ આગ્રહ કર્યો ત્યારે મેં ચોવીસ કલાક વિચાર કરવાની રજા માગી. કેલનબેક ને હું ઘેર આવ્યા. રસ્તામાં મારો શો ધર્મ હતો તેની તેમની સાથે ચર્ચા કરી. મારા પ્રયોગમાં તે સાથે હતા. તેમને પ્રયોગ ગમતો હતો, પણ મારી તબિયતને ખાતર જો હું તે છોડું તો ઠીક એવી તેમની પણ હું વૃત્તિ જોઈ શક્યો. એટલે મારે પોતાની મેળે જ અંતરનાદને તપાસવો રહ્યો હતો.

રાત આખી વિચારમાં ગઈ. જો પ્રયોગ આખો છોડી દઉં તો મારા કરેલા વિચારો રગદોળાઈ જતા હતા. તે વિચારોમાં મને ક્યાંયે ભૂલ નહોતી લાગતી. ગોખલેના પ્રેમને ક્યાં સુધી વશ થવાનો ધર્મ હતો, અથવા શરીરરક્ષાને સારૂ આવા પ્રયોગો કેટલે લગી છોડવા, એ પ્રશ્ન હતો. તેથી મેં એ પ્રયોગોમાંનો જે કેવળ ધર્મની દૃષ્ટિએ થતો હતો તે પ્રયોગને વળગી રહી બીજી બધી બાબતોમાં દાક્તરને વશ વર્તવું એમ નિશ્ચય કર્યો. દુધના ત્યાગમાં ધર્મભાવનાને પ્રધાનપદ હતું. કલકત્તામાં ગાયભેંસ ઉપર થતી દુષ્ટ ક્રિયાઓ મારી સામે મૂર્તિમંત હતી. જેમ માંસ તેમ જાનવરનું દુધ પણ મનુષ્યનો ખોરાક નથી એ વસ્તુ પણ મારી પાસે હતી. તેથી દુધના ત્યાગને વળગી રહેવાનો નિશ્ચય કરીને હું સવારે ઉઠ્યો. એટલા નિશ્ચયથી મારૂં મન બહું હળવું થયું.

ગોખલેનો ભય હતો. પણ તે મારા નિશ્ચયને માન આપશે એવો મને વિશ્વાસ હતો.

સાંજે નૅશનલ લિબરલ ક્લબમાં અમે તેમને મળવા ગયા. તેમણે તુરત પ્રશ્ન કર્યો: 'કેમ દાક્તરનું કહેલું માનવાનો નિશ્ચય કર્યો ના ?'

મેં હળવેથી જવાબ આપ્યોઃ હું બધું કરીશ, પણ એક વાતનો આગ્રહ તમે ન કરશો. દુધ ને દુધના પદાર્થો અથવા માંસાહાર હું નહિ લઉં. તે ન લેતાં શરીરે પડે તો પડવા દેવામાં ધર્મ છે એમ મને તો લાગે છે.

'આ તમારો છેવટનો નિર્ણય છે ?' ગોખલેએ પુછ્યું.

'મને લાગે છે કે હું બીજો જવાબ નહિ આપી શકું. જાણું છું કે તમને આથી દુઃખ થશે. પણ મને ક્ષમા કરજો,' મેં જવાબ આપ્યો.

ગોખલેએ કંઇક દુઃખથી પણ અતિ પ્રેમથી કહ્યું: 'તમારો નિશ્ચય મને ગમતો નથી. એમાં હું ધર્મ નથી જોતો. પણ હવે હું આગ્રહ નહિ કરૂં.' એમ બોલી જીવરાજ મહેતા ભણી વળીને તેમને કહ્યું: 'હવે ગાંધીને ન પજવજો. તે કહે છે તે મર્યાદામાં તેમને જે દઈ શકાય તે દેજો.'

દાક્તરે નાખુશી બતાવી પણ લાચાર થયા. મને મગનું પાણી લેવાની સલાહ આપી. તેમાં હિંગનો વધાર નાંખવાનું સુચવ્યું. મેં તેમ કરવાની હા પાડી. એકબે દિવસ તે ખોરાક લીધો. મને તો તેથી પીડા વધી. મને તે માફક ન આવ્યો. તેથી હું પાછો ફળાહાર ઉપર ગયો. દાક્તરે

બહારના ઉપચારો તો કર્યા જ. તેથી થોડી શાંતિ થતી. પણ મારી મર્યાદાઓથી તે બહુ અકળાતા. દરમ્યાન ગોખલે લંડનનું ઑક્ટોબર—નવેંબરનું ધુમસ સહન ન કરી શકે તેથી દેશ જવા રવાના થયા.

× × ×

યુવાવસ્થાના અંતરનાદ

(આફ્રીકાના)

૭

નાતાલ જતાં રસ્તામાં ઝાંઝીબારમાં બહુ જ રોકાવાનું હતું—આઠ કે દસ દિવસ અહિં નવી સ્ટીમરમાં બદલવાનું હતું સ્ટીમરનો કપ્તાન મારા પર ઘણો પ્રેમ રાખતો. આ પ્રેમે મારે સારૂ ઉલટું સ્વરૂપ પકડયું. તેણે મને પોતાની સાથે સહેલ કરવા જવા નોતર્યો. એક અંગ્રેજ મિત્રને પણ નોતર્યો હતો. અમે ત્રણે કપ્તાનના મછવામાં ઉતર્યા. આ સહેલનો મર્મ હું મુદ્દલ નહોતો સમજ્યો. કપ્તાનને શી ખબર કે હું આવી બાબતોમાં છેક અજાણ્યો હોઇશ? અમે તો હબસી ઓરતોના વાડામાં પહોચ્યા. એક દલાલ અમને ત્યાં લઇ ગયેલો. દરેક એક કોટડીમાં પુરાયા. પણ હું તો શરમનો માર્યો કોટડીમાં પુરાઇ જ રહ્યો. પેલી બાઇ બિચારીને શા વિચાર આવ્યા હશે એ તો તે જ જાણે. કપ્તાને બુમ મારી. હું તો જેવો અંદર દાખલ થયો હતો તેવો જ બહાર નીકળ્યો. કપ્તાન મારૂ

ભોળપણ સમજી ગયો. પ્રથમ તો મને બહુજ ભોંઠપ લાગી. પણ આ કાર્ય કોઇ રીતે હું પસંદ કરી શકું તેમ નહોતું જ. તેથી તરત જ તે જતી રહી, ને મેં ઈશ્વરનો પાડ માન્યો કે પેલી બહેનને જોઇ મને વિકાર સરખો પણ પેદા ન થયો. મને મારી નબળાઇ તરફ તિરસ્કાર ઉપજ્યો કે હું કોટડીમાં પુરાવાની જ ના પાડવાની હિંમત ન કરી શક્યો.

× × ×

૮

ઘર ખર્ચ ઓછું કરવા માટે મેં મારા કપડાં ઘેરે ધોવાનો પ્રબંધ કર્યો. એક દિવસે હું મારો પહેલો હાથે ધોએલો કોલર પહેરી કોરટમાં ગયો આ કોલરમાં આર વધારે ચડેલ ને ઇસ્ત્રી પુરી ગરમ નહોતી. વળી કોલર દાઝી જવાની બીકે ઇસ્ત્રી બરોબર દાબી નહિ તેથી તે અક્કડ તો બન્યો પણ તેમાંથી આર ખર્યાં કરતો હતો!

આવે હાલે હું કોરટમાં ગયો ને બારીસ્ટરોને મજાક કરવાનું સાધન બન્યો. પણ મારામાં આવી મજાક સહન કરવાની શક્તિ તે કાળે પણ ઠીક હતી.

'કોલર હાથે ધોવાનો આ પહેલો અખતરો છે, એટલે તેમાંથી આર ખરે છે. મને એ અડચણ કર્તા નથી ને વળી તમને બધાને આટલો વિનોદ પુરો પાડું છું એ વધારાનો નફો.' મેં ખુલાસો કર્યો.

'પણ ધોબી ક્યાં નથી મળતા? એક મિત્રે પુછ્યું.

'અહીં ધોબીનો ખરચ મને તો અસહ્ય લાગે છે. કૉલરની કિંમત જેટલી ધોલાઈ થાય અને એ આપતાં છતાં ધોબીની ગુલામી ભોગવવી. એના કરતાં હાથે ધોવું હું પસંદ કરું છું.

× × ×

૯

પ્રિટોરિયામાં હું એકવેળા એક અંગ્રેજ હજામની દુકાને પહોંચ્યો. તેણે મારી હજામત કરવાની ધસીને ના પાડી, ને ના પાડવામાં જે તિરસ્કાર બતાવ્યો તે વધારાનો. મને દુ:ખ થયું. હું પહોંચ્યો બજારમાં. વાળ કાપવાનો સંચો ખરીદ્યા ને અરીસાની સામો ઊભા રહી વાળ કાપ્યા. વાળ જેમ તેમ કાપાયા તો ખરા, પણ પાછળના કાપતાં બહુ મુશ્કેલી પડી. સીધા તો ન જ કપાયા. કૉરટમાં હસાહસ.

'તારે માથે ઉંદર ફરી ગયા છે'?

મેં કહ્યું: 'ના; મારા કાળા માથાનો સ્પર્શ ધોળા હજામ કેમ કરે? એટલે જેવાતેવા પણ હાથે કાપેલા વાળ મને વધારે પ્રિય છે.'

× × ×

૧૦

દક્ષિણ આફ્રિકામાં એક પ્રકારની પ્રજાસત્તા હતી, જ્યારે એશિયામાથી તો નકરી નવાબશાહી આવી. કેમકે ત્યાં પ્રજાની સત્તા નહોતી પણ પ્રજાની ઉપર જ સત્તા હતી.

દક્ષિણ આફ્રિકામાં તો ગોરાઓ ઘર કરીને વસ્યા હતા એટલે તેઓ ત્યાંની પ્રજા ઠર્યા. આથી અમલદારો ઉપર અંકુશ હતો. આમાં એશિયાથી આવેલા નિરંકુશ અમલદારોએ ભળી હિંદીઓની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી કરી મૂકી.

મને પણ આ સત્તાનો ઠીક અનુભવ મળ્યો. પ્રથમ તો મને આ ખાતાના ઉપરી પાસે બોલાવવામાં આવ્યો. આ ઉપરી લંકાથી આવ્યા હતા. 'બોલાવવામાં આવ્યો' એ પ્રયોગમાં કદાચ અતિશયોક્તિનો ભાસ આવે, તેથી જરા વધારે સ્પષ્ટ કરૂં. મારા ઉપર કંઈ ચિઠ્ઠી નહોતી આવી. પણ આગેવાન હિંદીઓને તો ત્યાં નિરંતર જવું જ પડે. તેવા આગેવાનોમાં મરહૂમ શેઠ તૈયબ હાજી ખાનમહમદ પણ હતા. તેમને આ સાહેબે પુછ્યું, 'ગાંધી કોણ છે? એ કેમ આવેલ છે?'

તૈયબ શેઠે જવાબ આપ્યો, 'તે અમારા સલાહકાર છે. તેમને અમે બોલાવેલ છે.'

'ત્યારે અમે બધા અહીં શા કામને સારૂ છીએ? અમે તમારૂં રક્ષણ કરવા નથી નિમાયા? ગાંધીને અહીંની શી ખબર પડે?' સાહેબ બોલ્યા.

તૈયબ શેઠે જેમતેમ આ ઘા પાછો વાળ્યો. 'તમે તો છો જ. પણ ગાંધી તો અમારા જ ગણાય ના? તે અમારી ભાષા જાણે; તે અમને સમજે. તમે તો અમલદાર કહેવાઓ.'

સાહેબે હુકમ કર્યો: 'ગાંધીને મારી પાસે લાવજો.'

તૈયબ શેઠ વગેરેની સાથે હું ગયો. ખુરશી તો શેની મળે? અમે બધા ઉભા રહ્યા.

'કેમ, તમે અહીં શા સારૂ આવ્યા છો,? સાહેબે મારી સામે જોઇ પુછ્યું.

'મારા ભાઇઓના બોલાવવાથી તેમને સલાહ દેવા આવ્યો છું, મેં જવાબ આપ્યો.

'પણ તમે જાણતા નથી કે તમને અહીં આવવાનો હક જ નથી? તમને પરવાનો મળ્યો છે તે તો ભૂલથી અપાયો છે. તમે અહીંના રહેવાસી ન ગણાઓ. તમારે તો પાછા જવું પડશે. તમારાથી મિ. ચેમ્બરલેન પાસે નહિ જવાય. અહીંના હિંદીઓનું રક્ષણ કરવાને સારૂ તો અમારૂં ખાતું ખાસ નિમાયું છે. ઠીક જાઓ.'

આટલું કહી સાહેબે મને રજા આપી. મને જવાબ આપવાનો વખત જ ન આપ્યો.

બીજા સાથીઓને રોકયા. તેમને ધમકાવ્યા ને સલાહ આપી કે મને ટ્રાન્સવાલમાંથી વિદાય કરે.

કસાણે મોઢે સાથીઓ આવ્યા.

× × ×

૧૧

જ્યારે હું ડરબનમાં વકીલાત કરતો ત્યારે ઘણીવાર મારા મહેતાઓ મારી સાથે રહેતા. તેમાં હિંદુ અને ખ્રિસ્તી હતા, અથવા પ્રાંતવાર કહીએ તો ગુજરાતી અને મદ્રાસી

હતા. તેમને વિષે મારા મનમાં કદી ભેદભાવ ઊપજ્યાનું મને સ્મરણ નથી. તેમને હું કુટુંબીજન ગણતો ને જો પત્ની તરફથી તેમાં કંઈ વિઘ્ન આવે તો તેની જોડે લડતો. એક મહેતો ખ્રિસ્તી હતો. તેનાં માતાપિતા પંચમ જાતિનાં હતાં. ઘરની બાંધણી પશ્ચિમ ઘાટની હતી. તેમાં કોટડીઓમાં ખાળ હોતી નથી—હોવી પણ ન જોઈએ એમ હું માનું છું—દરેક કોટડીમાં મોરીને બદલે પેશાબને સારૂ ખાસ વાસણ હોય છે. તે ઉપાડવાનું કામ નોકરનું નહોતું, પણ અમારૂં ધણીધણિયાણીનું હતું. મહેતાઓ જે પોતાને ઘરના જેવા માનતા થઇ જાય તો તે પોતાનું વાસણ પોતે ઉપાડે પણ ખરા. આ પંચમ કુળમાં જન્મેલ મહેતા નવા હતા. તેમનું વાસણ અમારે જ ઉપાડવું જોઇએ. બીજાં તો કસ્તુરબાઇ ઉપાડતી, પણ આ તેને મન હદ આવી અમારી વચ્ચે કલેશ થયો. હું ઉપાડું એ તેને ન પાલવે, તેને પોતાને ઉપાડવું ભારે થઇ પડયું. આંખમાંથી મોતીનાં બિન્દુ ટપકાવતી, હાથમાં વાસણ ઝાલતી, અને મને પોતાની લાલ આંખોથી ઠપકો આપતી સીડીએથી ઊતરતી કસ્તુરબાઇ ને હું આજે પણ ચીતરી શકું છું.

પણ હું તો જેવો પ્રેમાળ તેવો ઘાતકી પતિ હતો. મને પોતાને હું તેનો શિક્ષક પણ માનતો ને તેથી મારા અંધ પ્રેમને વશ થઇ સારી પેઠે પજવતો.

આમ તેના માત્ર વાસણ ઉંચકી જવાથી મને સંતોષ ન થયો. તે હસતે મુખે લઈ જાય તો જ મને સંતોષ થાય. એટલે મેં બે બોલ ઊંચે સાદે કહ્યા. 'આ કંકાસ મારા ઘરમાં નહિ ચાલે,' હું બબડી ઊઠયો.

આ વચન તીરની જેમ ખચ્યું.

પત્ની ધગી ઊઠી : 'ત્યારે તમારૂં ઘર તમારી પાસે રાખો, હું ચાલી.'

હું તો ઇશ્વરને ભૂલ્યો હતો. દયાનો છાંટો સરખો નહોતો રહ્યો. મેં હાથ ઝાલ્યો. સીડીની સામે જ બહાર નીકળવાનો દરવાજો હતો. હું આ રાંક અબળાને પકડીને દરવાજા લગી ખેંચી ગયો. દરવાજો અરધો ઉઘાડયો.

આંખમાંથી ગંગાજમના વહી રહ્યાં હતાં અને કસ્તુરબાઇ બોલી.

'તમને તો લાજ નથી. મને છે. જરા તો શરમાઓ હું બહાર નીકળીને ક્યાં જવાની હતી? અહીં માબાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઈ એટલે મારે તમારા ધુંબા ખાવા જ રહ્યા. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઈ જોશે તો બેમાંથી એકે નહિ શોભીએ.'

મેં મોં તો લાલ રાખ્યું, પણ શરમાયો ખરો. દરવાજો બંધ કર્યો. જો પત્ની મને છોડી શકે તેમ નહોતી તો હુ પણ તેને છોડી ક્યાં જનારો હતો? અમારી વચ્ચે કજીયા તો પુષ્કળ થયા છે, પણ પરિણામ હમેશાં કુશળ જ આવ્યું છે પત્નીએ પોતાની અદ્ભુત સહનશક્તિથી જીત મેળવી છે."

વકીલાતના ધંધામાં જૂઠું બોલ્યા વિના ન જ ચાલે એમ હું વિદ્યાર્થી તરીકે પણ સાંભળતો. મારે તો જૂઠું બોલીને નહોતું પદ જોઈતું કે નહોતો પૈસો જોઈ તો. એટલે એ વાતોની અસર મારી ઉપર નહોતી પડતી.

દક્ષિણ આફ્રિકામાં આની કસોટી તો ઘણીવાર થયેલી. હું જાણું કે સામા પક્ષના સાક્ષીઓને ભણાવવામાં આવ્યા છે, ને હું જરાક પણ અસીલને કે સાક્ષીને જૂઠું બોલવામાં ઉત્તેજન આપું, તો અસીલનો કેસ જીતાય. પણ મેં હમેશાં આ લાલચને જતી કરી છે. એવા એક જ પ્રસંગનું મને સ્મરણ છે કે જ્યારે અસીલનો કેસ જીત્યા પછી મને એવો શક પડયો કે અસીલે મને છેતર્યો છે. મારા અંતરમાં પણ હમેશાં એમ જ હતું કે જો અસીલનો કેસ સાચો હોય તો જીત મળજો અને ખોટો હોય તો હાર થજો. ફી લેવામાં મેં હારજીત ઉપર ફીનો દર કદી મુકરર કર્યાનું મને સ્મરણ નથી. અસીલ હારે કે જીતે, હું તો હમેશાં મહેનતાણું જ માગતો ને જીત થતાં પણ તેની જ આશા રાખતો. અસીલને પ્રથમ જ કહી દેતોઃ જૂઠો કેસ હોય તો મારી પાસે ન આવજો. સાક્ષીને ભણાવવાનું કામ કરાવવાની મારી તરફથી આશા જ ન રાખશો.' છેવટે મારી શાખ તો એવી જ ગયઈ હતી કે જૂઠા કેસ મારી પાસે ન જ આવે. એવા અસીલો પણ મારી પાસે હતા કે જેઓ પોતાના ચોખ્ખા કેસ મારી પાસે લાવે, ને જરા પણ મેલા હોય તો તે બીજા વકીલ પાસે લઈ જાય.

એક પ્રસંગ એવો આવ્યો કે જ્યારે મારી બહુ સખત પરીક્ષા થઈ મારા સારામાંના એક અસીલનો આ કેસ હતો. તેમાં નામાંની ભારે ગૂંચો હતી. કેસ બહુ લાંબો ચાલ્યો હતો. ઘણી અદાલતોમાં તેમાંના કંઇક ભાગો ગયેલા. છેવટે કોરટે નીમેલા હિસાબ જાણનાર પંચને તેનો હિસાબી ભાગ સોંપવામાં આવ્યો હતો. પંચના

ઠરાવમાં અસીલની પૂરી જીત હતી. પણ તેના હિસાબમાં એક નાનકડી પણ ગંભીર ભુલ રહી ગઇ હતી. જમે ઉધારની રકમ પંચની શરતચૂકથી ઊલટી લેવાઇ ગઈ હતી. સામેના પક્ષે આ પંચનો ઠરાવ રદ કરવાની અરજી કરેલી. અસીલ તરફથી હું નાનો વકીલ હતો. મોટા વકીલે પંચની ભૂલ જોઇ હતી. પણ તેમનો અભિપ્રાય હતો કે પંચની ભૂલ કબુલ કરવા અસીલ બંધાયેલા નહોતા. પોતાની સામેની હકીકત કબુલ કરવા કોઇ વકીલ બંધાયેલ નથી એમ તેમનો સ્પષ્ટ અભિપ્રાય હતો. મેં કહ્યું, 'આ કેસમાં રહેલી ભૂલ કબુલ થવી જ જોઇએ'

મોટા વકીલે કહ્યું: 'એમ થાય તો કોરટ આખો ઠરાવ રદ કરે એવો પુરો ભય છે, ને એવા જોખમમાં અસીલને કોઇ શાણો વકીલ ન નાંખે. હું તો એ જોખમ વહોરવા કદી તૈયાર ન થાઉં. કેસ પાછો ઊખળે તો અસીલ ખર્ચમાં ઊતરે, ને છેવટ પરિણામ શું આવે એ કોણ કહી શકે?'

આ સંવાદ વખતે અસીલ હાજર હતા.

મેં કહ્યું: 'મને તો લાગે છે કે અસીલ અને આપણે બન્નેએ એવાં જોખમો તો વહોરવાં જ જોઇએ. આપણી કબુલત વિના પણ કોરટ ભૂલભરેલો ઠરાવ ભુલ જણાતાં બહાલ રાખે એવો શો વિશ્વાસ? અને ભુલ સુધારવા જતાં અસીલને નુકસાન વેઠવું પડે તો શી હરકત હોય?'

'પણ આપણે ભુલ કબુલ કરીએ તો ના? મોટા વકીલ બોલ્યા.

'આપણે ભુલ કબુલે ન કરીએ તોયે કોરટ તે ભુલ ન પકડે, અથવા સામેનો પક્ષ પણ નહિ શોધે, એવી પણ શી ખાતરી?' મેં જવાબ આપ્યો.

'ત્યારે એ કેસમાં તમે દલીલ કરશો? ભુલ કબુલ કરવાની શરતે હુ તેમાં હાજર રહેવા તૈયાર નથી,' મોટા વકીલ દૃઢતાપુર્વક બોલ્યા.

મેં કહ્યું નમ્રતાપુર્વક કહ્યું, 'જો તમે ન જ ઊભા રહો, ને અસીલ ઇચ્છે તો હું ઊભવા તૈયાર છું. જો ભુલ કબુલ ન કરીએ તો મારાથી આ કેસમાં કામ થવું અસંભવિત માનું છું.'

આટલું કહી મેં અસીલ સામે જોયું. અસીલ જરા અકળાયા. કેસમાં હું તો **આરંભકાળથી**જ હતો. અસીલનો વિશ્વાસ મારી ઉપર પુરો હતો. મારા સ્વભાવથી સંપુર્ણ રીતે વાકેફ હતા. તેમણે કહ્યું: 'ભલે ત્યારે, તમે જ અદાલતમાં ઊભા રહેજો. ભુલ કબુલ કરજો. હારવાનું નસીબમાં હશે તો હારી જઇશું. સાચાનો ઇશ્વર તો છે જ ના?'

હું રાજી થયો. મેં બીજા જવાબની આશા જ નહોતી રાખી. મોટા વકીલે મને ફરી ચેતવ્યો, ને મારી 'હઠ' ને સારૂ મારી દયા ખાધી ને ધન્યવાદ પણ આપ્યો.

મારી સલાહની યોગ્યતા વિષે મને મુદ્દલ શંકા નહોતી. પણ તે કેસને પુરો ન્યાય આપવાની મારી યોગ્યતા વિષે શંકા પુષ્કળ હતી. એવા જોખમવાળા કેસની દલીલ વરિષ્ટ

અદાલતમાં મારે કરવી એ મને બહુ જોખમભરેલું લાગ્યું. તેથી મનમાં ધ્રુજતો ધ્રુજતો હું ન્યાયાધીશોની સામે ઊભો રહ્યો. જેવી પેલી ભૂલની વાત નીકળી તેવા જ એક ન્યાયાધીશ બોલી ઊઠયા:

'આ ચાલાકી ન કહેવાય ?'

હું રાતોપીળો થયો. જ્યાં ચાલાકીની ગંધ સરખીયે નહોતી ત્યાં ચાલાકીનો શક આવે એ અસહ્ય લાગ્યું. 'પહેલેથી જ જ્યાં જજ ભરમાયા છે ત્યાં આ કઠણ કેસ કેમ જીતી શકાય ?' મેં મનમાં વિચાર્યું.

મારા રોષને દબાવ્યો, ને મેં શાન્ત થઈ જવાબ આપ્યો

'મને આશ્ચર્ય થાય છે કે આપ પુરી હકીકત સાંભળ્યા પહેલાં જ ચાલાકીનો આરોપ મૂકો છો !'

'હું આરોપ નથી મૂકતો માત્ર શંકા ઉઠાવું છું, જજ બોલ્યા.

'આપની શંકા જ મને તો આરોપરૂપ લાગે છે. મારી હકીકત સમજાવું ને પછી શંકાને સ્થાન હોય તો આપ અવશ્ય શંકા ઊઠાવજો,' મેં ઉત્તર આપ્યો.

'હું દિલગીર છું કે તમને મેં અધવચમાં રોકયા છે. તમારો ખુલાસો સમજાવો,' જજ શાન્ત થઈ બોલ્યા.

મારી પાસે ખુલાસાને સારૂ સંપુર્ણ મસાલો હતો. આરંભકાળમાં જ શંકા ઊઠી ને જજનું ધ્યાન હું મારી દલીલ ઉપર પરોવાવી શકયો, તેથી મને હિમ્મત આવી ને

મેં વીગતવાર સમજણુ પાડી. જજોએ તે ધીરપુર્વક સાંભળી;, ને તેઓ સમજયા કે ભૂલ શરતચૂકથી જ થયેલી છે-ને ઘણા પરિશ્રમે તૈયાર થયેલા હિસાબ રદ કરવા એ તેમને ન રુચ્યું.

સામેના વકીલને તો ખાતરી જ હતી કે ભુલના સ્વીકાર પછી તેમને બહુ દલીલ કરવાપણું નહિં રહે. પણ જજો આવી સ્પષ્ટ ને સુધરી શકે તેવી બાબતમાં પંચનો ઠરાવ રદ કરવા મુદ્દલ તૈયાર નહોતા. સામા પક્ષના વકીલે પુષ્કળ માથાકુટ કરી, પણ જે જજને શંકા ઊઠી હતી તે જ મારા હિમાયતી થઈ બેઠા હતા.

'મિ. ગાંધીએ ભુલ કબુલ ન કરી હોત તો તમે શું કરત ?' જજ બોલ્યા.

'જે હિસાબના વિશારદને અમે નીમ્યા તેના કરતાં વધારે હોશિયાર કે પ્રમાણિક વિશારદને અમે ક્યાંથી લાવીએ ?'

'તમે તમારો કેસ બરોબર જાણો છો એમ અમારે માનવું જોઇએ. હરકોઇ હિસાબના અનુભવી ભુલ કરી શકે એવી ભુલ ઉપરાંત બીજી ભુલ તમે ન બતાવી શકો તો કાયદાની નજીવી બારીને લીધે બન્ને પક્ષોને નવેસરથી ખર્ચમાં ઉતારવા અદાલત તૈયાર નહિ થાય. ને જો તમે કહેશો કે અદાલતે જ આ કેસ નવેસરથી સાંભળવો તો એ બનવાજોગ નથી.'

આવી ને આવી જાતની અનેક દલીલોથી વકીલને શાન્ત કરી, ભુલ સુધારીને અથવા એટલી ભુલ સુધારીને ફરી ઠરાવ

મોકલવાનો હુકમ પંચ ઉપર કરી, તે સુધરેલા ઠરાવને બહાલ રાખ્યો.

મારા હર્ષનો પાર ન રહ્યો. અસીલ અને મોટા વકીલ રાજી થયા, ને વકીલાતના કામમાં પણ સત્ય જાળવીને કામ થઇ શકે એવી મારી માન્યતા દ્દઢ થઇ.

\+ \+ \+

જેલના સંભારણા

૧૩

વોકબ્રસ્ટમાં મારી જેલ અર્ધી પુરી થઇ હતી, તેટલામાં ફિનિક્ષથી તાર આવ્યો કે મારી પત્નીને મરણતોલ માંદગી છે* અને મારે ત્યા પહોચવું જોઇએ.

તે વખતે જેલમાંથી ગાંધીજીએ પોતાની પત્ની પર લખેલ પત્ર:—

તા. ૯નવેમ્બર, ૧૯૦૮,

*તારી તબિયતનો તાર મી. વેસ્ટે આજે મોકલ્યો છે. મારૂં હૈયું કોતરાય છે. હું રડું છું પણ તારી ચાકરી કરવા આવું એવી સ્થિતિ નથી. સત્યાગ્રહની લડતમાં મેં બધું અર્પણ કર્યું છે. મારાથી ત્યાં અવાયજ નહિ. દંડ આપું તોજ અવાય. દંડ તો નજ અપાય. તું જરા હિંમત રાખે, રીતસર ખાય તો સારૂં થઇ રહેશે. છતાં મારે નસીબેથી તું જશેજ એમ હશે તો હું તને એટલુંજ લખું છું કે તું વિયોગમાં પણ મારી હયાતીમાંજ ચાલી જાય તેમાં ખોટું નથી. મારૂં હેત તારી ઉપર એટલું છે કે તું મુએલી છતાં મારે મને જીવશે.

સહુ આ ખબરથી દિલગીર થયા. મારી ફરજ શી હતી, તેનો મને સંદેહ ન થયો. જેલરે પુછ્યું: હવે તું દંડ આપી જવા માગે છે કે નહિ? ત્યારે મેં તરત જવાબ આપ્યો કે મારાથી દંડ આપવાનું બનવા કાળજ નથી. સગાંસંબંધીથી છુટાં પડવું એ પણ અમારી લડતના ભાગ છે. જેલર સાંભળીને હસ્યો અને દિલગીર પણ થયો. આ વિચાર ઉપરથી વિચારતાં ઘાતકી જણાય એવો છે. છતાં મને તો ખાતરી છે કે એજ ખરો વિચાર છે. સ્વદેશપ્રીતિએ મારા ધર્મનો હું ભાગ સમજું છું. બધો ધર્મ સચવાયો ગણાય નહિ. ધર્મનુ પાલન કરવામાં બાયડી-છોકરાંઓનો વિયોગ સહન કરવો પડે તો તે કરીએ, તેઓને ખોઇ બેસીએ તેમાં ઘાતકીપણુ નથી એટલુંજ નહિ, પણ તેમ કરવું તે આપણી ફરજ છે. આમ મરણ પ્રર્યંત લડવાનું પણ છે, તો પછી બીજો વિચાર થાયજ નહિ. લોર્ડ રોબર્ટસે આપણા કામ કરતાં ઉતરતા કામમાં પોતાના એકના એક દીકરાને ખોયો અને પોતે લડાઇમાં હોવાથી છોકરાને દફન કરવા સારૂ પણ તેનાથી નહિ જવાયું. આવા દાખલાઓથી દુનિયાનો ઇતિહાસ ભરપુર છે.

તારો આત્મા તો અમર છે. હું તને ખાત્રીથી કહું છું કે જો તારે જવુંજ થશે તો હું તારી પાછળ બીજી સ્ત્રી કરવાનો નથી. મેં તને કેટલીક વાર કહ્યું પણ છે કે તું ઇશ્વર ઉપર આસ્થા રાખી જીવ તજજે. તું મરીશ તો તે પણ સત્યાગ્રહને જોગ છે. મારી લડત માત્ર રાજદ્વારી નથી. તે લડત ધાર્મિક છે. એટલે અતિ ચોકખી છે, તેમાં મરવું તો યે શું અને જીવવું તો યે શું. તું પણ એમજ જાણી જરા યે ઓછું નહિ લાવે, એવી મારી ઉમેદ એટું તારી પાસેથી માગી લઉં છું.

એક વખત એક કાફર દારોગા મી. હસન મીરઝાને વડા દારોગાનું એક પાયખાનું સાફ કરવાનું સોંપ્યુ, તે કામ કરતાં તેણે તરત ઉપાડી લીધું. કોઇ દિવસ નહિ કરેલું તેથી તેને ઉલટી થઇ, તેની તેણે દરકાર નહિ કરી. બીજું પાય–ખાનું સાફ કરતા હતા તેવામાં હું જઇ ચઢયો અને મેં અચબા સાથે તેમને કામ કરતા જોયા. મને તો તેમના તરફ અત્યંત વહાલ આવ્યું. પૂછપરછ કરી એટલે પહેલા પાય-ખાનાની ખબર પડી. એક વખત તેજ કાફર દારોગાને વડા એ હુકમ કર્યો હશે કે હિન્દીને હિન્દી પાયખાનાં ખસુસ રાખ્યાં હતાં તે સાફ કરવા બોલાવવા. આને સારૂ દારોગાએ મારી પાસે આવીને બે માણસ માગ્યા. મને લાગ્યું કે હું પોતેજ તે કામને સારુ સરસ ગણાઉં તેથી હુંજ ગયો.

મને તો એવા કામમાં ઇબારત છેજ નહિ. હું માનું છું કે એવું કામ કરવાની આપણે ટેવ પાડવી ઘટે છે. એવાં કામની સામે આપણે ચીડ રાખીએ છીએ તેને પરિણામે ઘણે ભાગે આપણા આંગણાં તથા જાજરૂ વિગેરે આપણે ખરાબ સ્થિતિમાં જોઇએ છીએ એટલુંજ નહિ, પણ તેને લીધે મરકી વિગેરેના રોગો આપણે પેદા કરીએ છીએ. જાજરૂ તો હંમેશાં ખરાબજ હોય એમ આપણે માની બેઠા છીએ. ઘણી વેળા આપણે ગંદાઇનું તહોમત ભોગવીએ છીએ. એવી જાતનું કામ ન કરવાને માટે એક હિંદીને 'સોલીટરી સેલ'ની એટલે કે ભોંયરામાં પુરી રાખવાની સજા ભોગવવી પડી હતી. સજા ભોગવી તેની હરકત નથી ગણતો, પણ તે સજા ભોગવવાની જરૂર નહોતી, અને તેવા કામની આનાકાની કરવામાં આપણે પાછા પડીએ એ ઠીક ન ગણાય.

હવે જ્યારે હું તે કામને સારૂ જવા લાગ્યો ત્યારે દારોગો બીજાઓને ટોકવા લાગ્યો કે તેઓએ નિકળવું જોઇએ. આથી હુકમની વાત ફેલાઈ અને તરત મી. ઉમર ઓસમાન તથા મી. રૂસ્તમજી મદદે દોડ્યા, જો કે કામ બહુ ઓછું હતું. આ વાત લખવાનો હેતુ એ છે કે તેઓએ પણ તેવું કામ સરકાર કરાવે તો કરવામાં માન માન્યું. જો આપણને મળતાં કામથી આપણે નારાજ રહીએ તો આપણાથી ખરી લડાઇમાં ભાગ ન લઈ શકાય.

સખ્ત મજુરી વાળા કેદી પાસેથી સરકારને દરરોજ નવ કલાક કામ લેવાનો હક્ક છે. કેદીઓને હંમેશાં ૭ વાગે કોટડીમાં પુરવામાં આવે છે. સવારના સાડાપાંચ વાગે ઉઠવાનો ઘંટ વાગે છે, અને ૭ વાગે કોટડીના દરવાજા ઉઘડે છે. કોટડીમાં પુરતી વખતે અને કોટડીમાંથી કહાડતી વેળા કેદીઓની ગણત્રી કરવામાં આવે છે. તે ગણત્રી નિયમસર અને ઝપાટાબંધ થઈ શકે તેવા હેતુથી દરેક કેદીને પોતાની પથારીની પાસે ધ્યાનપુર્વક ઉભા રહેવાનો હુકમ થાય છે. દરેક કેદીએ પોતાની પથારી સંકેલી, ઠેકાણે મુકી, મોં ધોઇ ૭ વાગતા પહેલાં તૈયાર થઇ રહેવું જોઇએ. સાત વાગે કામે ચડવાનું થાય છે. કામ કરવાનું ઘણી જાતનું હોય છે, જેલમાં અમને સરિયામ રસ્તા પાસે ખુલ્લી જમીન હતી તે વાવેતર સારૂ ખોદવા લઇ ગયા હતા. તેથી કામ ન થઇ શકે એવા હોય તેને જવાની ફરજ ન હતી. અમને કાફરાઓની સાથે લઇ ગયા હતા. જમીન ઘણી કઠણ હતી તેથી કાંમ સખ્ત હતું. તાપ ઘણો પડતો હતો. કામ કરવાની જગ્યા જેલથી

લગભગ દોઢ માઇલ છેટી હોવી જોઇએ. બધા હિંદી કામ ઝપાટાબંધ કરવા લાગ્યા. પણ ટેવાયલા થોડાજ હતા તેથી સહુને થાક ખુબ લાગ્યો. આમાં બાબુ તાલેવંતસીંગના બાળક રવિકૃષ્ણ પણ હતા. તેને કામ કરતા જોઈ હું બહુ મુંઝાતો હતો. છતાં તેની મહેનત જોઇ રાજી થતો હતો. જેમ દહાડો વધતો ગયો તેમ કામનો બોજો વધારે વધારે જણાયો વોડંર (દારોગો) બહુ તીખો હતો. 'ચલાવો ચલાવો' એવા પોકાર કરી રહયો હતો! તેમ તેમ હિંદી ગભરાતા હતા. કેટલાકને મેં રોતા પણ જોયા. એક જણનો પગ સુજેલો જોયો. આથી મારૂં દિલ રડતું હતું. છતાં હું સહુને કહેતો હતો કે દારોગાની દરકાર ન રાખતા સોએ સાચા દિલથી કામ કરવું, હું પોતે પણ થાક્યો. હાથમાં ફોલ્લા સખ્ત પડયા, તેમાંથી પાણી ચાલ્યાં. વાંકું વળવુ એ મુશ્કેલ લાગતું હતું, અને કોદાળીનો ભાર મણ જેટલો લાગતો જણાયો. હું તો ઇશ્વરૂ પાસે માગ્યા કરતો હતો કે મારી લાજ રાખે, મને અપંગ ન કરે, અને હું બરોબર કામ કરી શકું. એટલું મને જોર આપે. તેની ઉપર આધાર રાખીને કામ કર્યા કરતો. દારોગો મને ઠપકારવા લાગ્યો. થાક ખાવાથી ઠપકો દેતો હતો. મેં તેને કહયુંઃ 'ટોંકવાની જરૂર નથી, મારાથી કાળજાતુંટ થાય તેટલું કામ હું કરીશ' આ વખતે મી. ઝીણાભાઈ દેશાઇને મેં મુર્છિત થતા જોયા. મારી જગ્યાએથી તો મારાથી ખસાય નહિં એટલે હું જરા થોભ્યો. દારોગો ત્યાં ગયો મેં જોયું કે મારે જવુંજ જોઇએ, તેથી હું દોડયો. બીજા પણ બે હિન્દી આવ્યા. ઝીણાભાઇને પાણી છાંટયું, તેને શુદ્ધિ આવી. દારોગાં

એ બીજાને કામ ઉપર મોકલી દીધા. મને તેની પાસે બેસવા દીધો. ઝીણાભાઈને માથે ખુબ થંડુ પાણી રેડયું. પછી કંઈક આરામ થયો. દારોગાને કહયું કે તેનાથી ઘેર ચાલીને નહિ જવાય તેથી ગાડી મંગાવી. ગાડીમાં તેને લઇ જવા મને હુકમ થયો. ઝીણાભાઇને માથે પાણી રેડતાં હું વિચાર કરવા લાગ્યો.

'મારા શબ્દો ઉપર આધાર રાખી ઘણા હિન્દી જેલમાં આવે છે. હું જો ખોટી સલાહ આપતો હોઉં તો હું કેટલો પાપી બનું ? મારે લીધે આટલું દુ:ખ હિંદીને થાય? મેં એમ વિચારી ઉંડો શ્વાસ નાખ્યો. ઇશ્વરને સાક્ષી જાણી ફરી વિચાર્યું.'અને હું વિચારમાં ડુબકી મારી પાછો હસી નિકળ્યો મેં જે સલાહ આપી છે તે બરોબર છે એમ મેં જોયું. દુ:ખ ભોગવવામાંજ સુખ છે. તો પછી દુ:ખથી કંઈ ખેદ પામવાનું કારણ નથી આ તો મુર્છા આવી પણ મોત થાય તો પણ મારાથી બીજી સલાહ અપાય એમ નથી. જન્મ બંધન કરતાં આમ દુ:ખ ભોગવી બેડીમાંથી મુકત થવું એજ આપણું કતવ્ય છે એમ વિચારી હું બેફીકર થયો અને ઝીણાભાઇને હિંમત રાખવાની સલાહ આપતો થઇ ગયો.

ગાડી આવી કે તરત ઝીણાભાઇને તેમાં સુવાડી લઇ ગયા. વડા દારોગા પાસે ફરિયાદ કરી. તેની તપાસ ચાલી અને દારાગાને ઠપકો મળ્યો. ઝીણાભાઇને બપોરને કામે નહિ લઈ ગયા. તેજ પ્રમાણે બીજા ચાર હિન્દી અશકત જણાયા. બાકીના બધા પાછા કામે ચડયા.

× × ×

૧૪

દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડતને અંગે જોહન્સબર્ગની જેલમાં મારે રહેવાનું થયું હતુ. હું આ જેલમાં હતો તે દરમિયાન એક વખતે કેદીનો મુખ્ય ભાગ કાંકરી ફોડવા ઉપર હતો. તેથી મેં પણ તે કામની માગણી કરી. પણ દારોગાએ કહ્યું કે વડા દારોગાનો તેને હુકમ હતો કે મને બહાર નહિ કહાડવો. તેથી તેણે મને કાંકરી ફોડવા જવાની રજા નહિ આપી. એક દિવસ એમ બન્યું કે મારી પાસે સંચાનું કે બીજું સીવવાનું કામ નહોતું. તેથી મેં પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું. રિવાજ એવો છે કે દરેક કેદીએ કંઇને કંઇ જેલનું કામ કરવું જોઇએ. તેથી દારોગાએ મને બોલાવીને પુછ્યું: "આજ તમે માંદા છો?"

મેં જવાબ આપ્યો "ના જી."

સ૦—ત્યારે તમે કેમ કંઇ કામ કરતા નથી?

જ૦—મારી પાસે કામ હતું તે પુરૂં થયું છે. હું કામનો ઢોંગ કરવા ઇચ્છતો નથી. કામ મને આપો તો હું તે કરવા રાજી છું. નહિ તો નવરો બેઠો વાંચું તેમાં શી હરકત છે?

સ૦—એ તો ખરૂં, પણ જ્યારે વડો દારોગો કે ગવર્નર આવે ત્યારે તમે સ્ટોરમાં રહો તો સારૂં.

જ૦—હું એમ કરવા રાજી નથી. હું ગવર્નરને પણ કહેવાનો છું કે સ્ટોરમાં પુરતું કામ નથી તેથી મને કાંકરી ફોડવા મોકલે.

સ૦—ત્યારે બહુ સારૂં. મારાથી તો રજા વિના તમને કાંકરી ફોડવા ન મોકલાય.

આ બનાવ બન્યા પછી થોડી વારે ગવર્નર આવ્યા. મેં તેની પાસે બધી હકીકત જાહેર કરી. તેણે કાંકરી ફોડવા જવાની પરવાનગી ન આપી; પણ જણાવ્યું કે તમારે તેમ કરવાની જરૂર નથી, કેમકે તમને બીજે દિવસે પાછા વોકબસ્ટ મોકલવાના છે.

× × ×

હીન્દમાંના સંભારણા.

૧૫

મારા એક સગાની સાથે મને બીડી પીવાનો શોખ થયો, અમારી પાસે પૈસા ન મળે. બીડી પીવામાં કંઈ ફાયદો છે અગર તો તેની ગંધમાં મજા છે એવું તો અમ એમાંથી એકેને નહોતું લાગ્યું, પણ કેવળ ધુમાડો કાઢવામાં જ કંઈક રસ છે એવું લાગેલું મારા કાકાને બીડી પીવાની ટેવ હતી, ને તેમને તથા બીજાને ધુમાડા કાઢતા જોઇ અમને પણ ફુંકવાની ઇચ્છા થઇ પૈસા તો ગાંઠે ન મળે એટલે કાકા બીડીનાં ઠુંઠાં ફેંકી દે તે ચોરવાનું અમે શરૂ કર્યું.

પણ ઠુંઠાં કંઈ હરવખતે મળી ન શકે, અને તેમાંથી બહુ ધુમાડાયે ન નીકળે. એટલે ચાકરની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ ચોરવાની ટેવ પાડી ને અમે બીડી ખરીદતા થયા. પણ એને સંઘરવી કયાં એ

સવાલ થઇ પડયો વડીલોના દેખતાં તો બીડી પીવાય જ નહિ એ ખબર હતી જેમતેમ કરી બેચાર દોકડા ચોરીને થોડાં અઠવાડિયાં ચલાવ્યું. દરમ્યાન સાંભળ્યું કે એક જાતના છોડ (તેનું નામ તો ભુલી ગયો છું) થાય છે તેની ડાંખળી બીડીની જેમ સળગે છે, ને તે પી શકાય. અમે તે મેળવીને ફુંકતા થયા?

× × ×

૧૬

મને યાદ છે કે એક વાર એક સુન્દર દુરબીનને મેં દરિયામાં ફેંકી દીધેલું, કારણકે મારા પ્રિય મિત્ર અને મારી વચ્ચે તે હરઘડી તકરારનું કારણ થઈ પડતું. ઘડીક તો એનું મન ખાટું થયું, પરંતુ એવી સુંદર અને કીંમતી વસ્તુ અને તે ય વળી એક મિત્ર તરફથી ભેટ મળેલી, તેનો પણ નાશ કરવામાં રહેલી વાસ્તવિકતા એ તરત જ સમજી શકયો. કીંમતીમાં કીંમતી ભેટ પણ જો તે આપણી નૈતિક ગતિની આડે આવનારી થઈ પડે તો દિલમાં લગીરે ખટકો ખાધા વિના બેધડક તેનો નાશ કરવો જોઇએ, એમ અનુભવ કહે છે. વારસામાં મળેલી કીંમતી ચીજોને જો પ્લેગનાં જંતુ લાગ્યાં હોય, તો તેને બાળી નાખવી એ શું પવિત્ર ફરજ નહિ ગણાય?

× × ×

૧૭

હું જ્યારે જુવાન હતો, ત્યારે મને યાદ છે કે મેં એક વાર મારી પોતાની વહાલી સ્ત્રીની અત્યંત પ્રિય બંગ-

ડીઓની જોડના ચૂરેચૂરા કરી નાખ્યા હતા, કારણ કે એ બંગડીઓ અમારા બેની વચ્ચે કંકાસનું કારણ થઈ પડી હતી. ઘણું કરીને તો તે તેની માએ આપેલી હતી. છતાં તે મેં ભાંગી તે દ્વેષને લીધે નહિ, પણ પ્રેમને લીધે. આજની ઉંમરે હું જોઈ શકું છું કે એ પ્રેમ સ્થૂલ–અજ્ઞાન પ્રેમ–હતો, છતાં તે કર્યું તો હતું પ્રેમને જ કારણે. એ વિનાશે અમને વધારે સાંધ્યાં. જો મેં તમામ પરદેશી વસ્તુઓ બાળવાનો આગ્રહ ધર્યો હોત, તો તે કાર્ય જાતિ-દ્વેષવાળું ટુંકી નજરનું અને દુષ્ટતામૂલક ગણાત. આજે તો આગ્રહ માત્ર તમામ પરદેશી કાપડનો જ છે; અને આ મર્યાદાથી મોટો ડુંગર જેવડો ફેર પડી જાય છે.

× × ×

૧૮

હું તાજો બેરીસ્ટર થઇને આવેલો હતો. એક વેળા રાજકોટમાં પોલીટીકલ એજંટે મારૂં અપમાન કર્યું, સર ફીરોજશાહ ત્યાં એક કેસમાં આવ્યા હતા, તેમને મેં એક મિત્રના મારફત જણાયું કે પોલીટીકલ એજન્ટને હું નોટીસ આપવા માંગું છું તેમણે મને કહ્યું; "તું બેવકુફ છે એવા તો કડવા ઘુંટડા કેટલાએ પીવા પડશે." ત્યારથી તે આજ સુધી મેં તેમનો ઉપદેશ સંઘરી રાખ્યો છે કે પોતાના અંગત સ્વાર્થને માટે લડાઇ કરવા જતાં બહુ સાવચેતી રાખવી જોઈએ. તે શીખામણને માન આપીને સેંકડો અંગત માન અપમાન હું સહન કરી ચુકયો છું.

× × ×

બેરીસ્ટરીની શરૂઆતમાં મમીબાઇનો કેસ મારે નસીબે આવ્યો. સ્મૉલકૉઝ કોરટમાં જવાનું હતું.'દલાલને કમિશન આપવું પડશે !' મેં ધસીને ના પાડી.

'પણ ફોજદારી કોરટમાં પંકાયેલા પેલા—મહિને ત્રણ ચાર હજાર પાડનાર પણ કમિશન તો આપે છે.'

'મારે કયાં તેના જેવા થવું છે ? મને તો દર માસે રૂ. ૩૦૦ મળે તો બસ થાય. બાપુને કયાં વધારે મળતા હતા ?'

'પણ એ જમાનો ગયો. મુંબઈનાં ખર્ચ મોટા. તારે વ્યવહાર વિચારવો જોઇએ'

હું એક ટળી બે ન થયો. કમિશન ન જ આપ્યું પણ મમીબાઇનો કેસ તો મળ્યો કેસ સહેલો હતો. મને ફીના રૂ. ૩૦ મળ્યા. કેસ એક દિવસથી વધારે ચાલે તેમ નહોતું.

સ્મૉલકૉઝ કોરટમાં પહેલવહેલો દાખલ થયો. હું પ્રતિવાદી તરફથી હતો, એટલે મારે ઉલટ તપાસ કરવાની હતી. હું ઊભો તો થયો પણ પગ ધ્રૂજે, માથું ફરે. મને લાગે કે કોરટ ફરે છે. સવાલ પુછવાનું સુઝે જ નહિ. જજ હસ્યો હશે. વકીલોને તો ગમ્મત પડી જ હશે. પણ મારી આંખને કયાં કંઈ જોવાપણું હતું ?

હું બેઠો. દલાલને કહ્યું, મારાથી આ કેસ નહિ ચલાવાય, પટેલને રોકો. મને આપેલી ફી પાછી લ્યો.'

પટેલને તે જ દહાડાના એકાવન રૂપિયા આપી રોકયા. તમને તો રમત વાત હતી.

હું નાઠો. મને યાદ નથી કે અસીલ જીત્યો કે હાર્યો. હું શરમાયો. પુરી હિમ્મત ન આવે ત્યાં લગી કેસ ન લેવાનો નિશ્ચય કર્યો.

× × ×

૨૦

એક ગરીબ મુસલમાનની જમીન પોરબંદરમાં જપ્ત થઇ હતી. મારા પીતાશ્રીના નામને જાણી તેના બારીસ્ટર દીકરા પાસે તે આવેલો. મને તેનો કેસ લુલો લાગ્યો, પણ મેં અરજી ઘડી દેવાનુ કબૂલ કર્યું. છપામણીનું ખર્ચ અસીલે આપવાનું હતું. મેં અરજી ઘડી. મિત્રવર્ગને વંચાવી. તે અરજી પાસ થઈ ને મને કંઇક વિશ્વાસ બેઠો કે હું અરજી ઘડવા જેટલો લાયક હોઇશ– હતો પણ ખરો.

× × ×

૨૧

મુંબઇમાં જયારે ઓફિસ ખોલી ત્યારે એક અમેરિકન વીમાદલાલ આવ્યો હતો. તેનો ચહેરો ખુશનુમા હતો. તેની વાત મીઠી હતી. કેમ જાણે અમે જુના મિત્રો ન હોઈએ એમ તેણે મારી સાથે મારા ભાવી કલ્યાણની વાતો કરી: અમેરિકામાં તો તમારી સ્થિતિના બધા માણસો પોતાની જિંદગીનો વીમો ઉતરાવે. તમારે પણ તેમ કરી ભવિષ્યને સારૂ નિશ્ચિત થવું જોઇએ. જિંદગીનો ભરોસો તો છે જ નહિ. અમેરિકામાં અમે તો વીમો ઉતારવાને ધર્મ માનીએ

છીએ. તમને એક નાની સરખી પૉલીસી કઢાવવા ન લલચાવી શકું ?'

ત્યારસુધી દક્ષિણ આફ્રિકામાં ને હિંદુસ્તાનમાં ઘણા દલાલોને મેં દાદ દીધેલી નહિ. મને લાગતું કે વીમો ઉતરાવવામાં કંઈક ભીરુતા ને ઈશ્વરને વિષે અવિશ્વાસ છે. પણ આ વેળા હું લલચાયો. પેલો જેમ વાત કરતો જાય તેમ મારી સામે પત્ની અને પુત્રોની છબી ખડી થાય. 'જીવ' તેં પત્નીના દાગીના લગભગ બધા વેચી નાંખ્યા છે. જો તને કંઈ થાય કરે તો પત્નીનો અને છોકરાઓના પાલનનો બોજો ગરીબ ભાઈ જેમણે બાપનું સ્થાન લીધું છે ને શોભાવ્યું છે, તેમની જ ઉપર પડે ને ? એ કંઈ યોગ્ય ન ગણાય.' આવી જાતની મારા મન સાથે દલીલ કરી ને મેં રૂા. ૧૦,૦૦૦ ની પૉલીસી કઢાવી.

પણ દક્ષિણ આફ્રિકામાં મારી બદલાયેલી સ્થિતિએ મારા વિચારો બદલાવ્યા. દક્ષિણ આફ્રિકાની નવી આપત્તિને સમયે મેં જે જે પગલાં ભર્યાં તે ઈશ્વરને સાક્ષી રાખીને જ ભરેલાં. દક્ષિણ આફ્રિકામાં કેટલો સમય જશે તેની મને કંઈ જ ખબર નહોતી. મેં માનેલું કે હું હિંદુસ્તાન પાછો જવા નહિ પામું. મારે બાળબચ્ચાંને સાથે જ રાખવાં જોઈએ. તેમનો વિયોગ હવે ન જ હોવો જોઈએ. તેમના ભરણપોષણનું પણ દક્ષિણ આફ્રિકામાં જ થવું જોઈએ. એમ વિચાર કરવાની સાથે જ પેલી પોલીસી મને દુઃખદ થઈ પડી. વીમાદલાલની જાળમાં ફસાયાને સારુ હું શરમાયો. 'ભાઈ જો બાપ જેવા છે તો તે નાના ભાઈની

વિધવાનો બોજો ભારે ગણુશે એમ તે કેમ ધાર્યું ! તું જ પહેલો મરશે એમ પણ કેમ ધાર્યું ? પાલન કરનાર તો ઈશ્વર છે; નથી તું ને નથી ભાઈ. વીમો ઉતરાવીને તેં તારાં બાળબચ્ચાંને પણ પરાધીન બનાવ્યાં. તેઓ કેમ સ્વાવલંબી ન થાય ? અસંખ્ય ગરીબોનાં બાળબચ્ચાંનું શું થાય છે ? તું તને તેમના જેવો કાં ન ગણે ?'

આમ વિચારોની ધારા ચાલી. તેનો અમલ એકાએક નહોતો કર્યો. એક લવાજમ તો દક્ષિણ આફ્રિકામાંથીયે આપ્યાનું મને સ્મરણ છે.

પણ આ વિચારપ્રવાહને બહારનું ઉત્તેજન મળ્યું. દક્ષિણ આફ્રિકાની પહેલી મુસાફરીમાં હું ખ્રિસ્તી વાતાવરણમાં આવી ધર્મને વિષે જાગ્રત રહ્યા. આ વેળા થિયૉસૉફીના વાતાવરણમાં આવ્યો. મિ. રીચ થિયોસોફિસ્ટ હતા. તેમણે મને જોહાનિસબર્ગની સોસાયટીના સંબંધમાં મૂક્યો. તેમાં હું સભ્ય તો ન જ થયો. મારે મતભેદો રહેલા. છતાં લગભગ દરેક થિયોસોફિસ્ટના ગાઢ પ્રસંગમાં હું આવ્યો. તેમની સાથે રોજ ધર્મચર્ચા થાય. તેમનાં પુસ્તકો વંચાય. તેમના મંડળમાં મારે બોલવાનું પણ બને. થિયૉસૉફીમાં ભ્રાતૃભાવના કેળવવી અને વધારવી એ મુખ્ય વસ્તુ છે. આ વિષેની ચર્ચા અમે ખુબ કરતા ને હું જ્યાં એ માન્યતામાં અને સભ્યોના આચરણમાં ભેદ જોતો ત્યાં ટીકા પણ કરતો. આ ટીકાની અસર મારા પોતાની ઉપર સારી પેઠે થઈ. હું આત્મનિરીક્ષણ કરતો થઈ ગયો.

૨૨

સને ૧૮૯૬ માં તો મારે મારા દક્ષિણ આફ્રિકાને લગતા કાર્ય નિમિતે તે વખતના હિંદુસ્થાનના લગભગ એક એક જાણીતા આગેવાનના પ્રસંગમાં આવવાનું થયું. ન્યાયમૂર્તિ રાનડે આગળ હું કેવળ અંજાઈ ગયો. એમની સમક્ષ બોલતાં પણ હું ધ્રૂજતો. સ્વ. બદરૂદ્દીન તયબજીએ મારા પર પિતાતુલ્ય માયા કરી. મને રાનડે તેમ જ ફિરોજશાહની સલાહ મુજબ ચાલવાની શીખામણ આપી. સર ફિરોજશાહે તો મારી સાથે મુરબ્બીપણુ જ ધારણ કર્યું. એમનો શબ્દ તે કાયદો જ હતો. "ગાંધી, તમારે ૨૬ મી સપ્ટેમ્બરે જાહેર ભાષણ આપવું અને વખત બરોબર સાચવવો." હું નમ્યો. ૨૫ મીની સાંજે મારે ફરી મળવું એવું ફરમાન હતું. ૨૫ મીની સાંજ થઈ અને હું હાજર થયો.

"ભાષણ લખી કહાડયું છે કે નહિ."

"ના, સાહેબ."

"એ ન ચાલે ભલા માણુસ. આજે રાત્રે લખી કહાડશો ?"

"મુન્શી, તમારે ગાંધીને ત્યાં જવું અને એ આપે તે ભાષણ લઈને રાતોરાત છપાવી એક નકલ મને પહોંચાડવી." મારી તરફ વળીને કહે: "જુઓ ગાંધી બહુ ઝીણું ના કાંતતા, મુંબઇના લોકો લાંબાં લાંબા ભાષણો ન સાંભળે એ તમને ખબર નહિ હોય."

ફરી હું નમ્યો. મુંબઇના સિંહે મને આજ્ઞા ઉઠાવતાં શીખવ્યું; એમને મને શિષ્ય ન કર્યો, કરવાનો પ્રયત્ન પણ ન કર્યો.

ત્યાંથી હું પુને ગયો. સાવ અજાણ્યો. જેમને ત્યાં ઉતરેલો તે ભાઈ મને પ્રથમ તિલક મહારાજને ત્યાં લઈ ગયાં મેં એમને તેમના મિત્રોથી વીંટળાયેલા જોયા. મારું એમણે ધ્યાનપુર્વક સાંભળ્યું અને કહ્યું: તમારા કામને સારૂ અમારે એક સભા તો ભરવી જ જોઇએ. પણ કદાચ તમે નહિ જાણતા હો કે કમનસીબે અમારે ત્યાં બે તડાં છે તમારે અમને બેમાંથી એકે પક્ષનો ન હોય એવો એક પ્રમુખ શોધી આપવો જોઇએ. તમે ડૉ. ભાંડારકરને મળી જોશો?"

મેં હા પાડી અને વિદાય માગી એ પ્રસંગની મને સ્પષ્ટ સ્મૃતિ નથી રહી; એટલું જ યાદ રહ્યું છે કે કશું અંતર ન રાખતાં પોતાના માયાળુપણાથી એમણે મારા શરૂઆતના ગભરાટને પળ વારમાં દુર કરી દીધેલો.

ત્યાર પછી ઘણે ભાગે હું ગોખલેને મળ્યો અને પછી ડૉ૦ ભાંડારકરને ત્યાં પહોંચ્યો. તેમણે વૃદ્ધ ગુરૂ શિષ્યને આવકાર આપે તેમ મને આવકાર આપ્યો:

"તમે ઉત્સાહી અને ખંતીલા જુવાન દેખાઓ છો. આવા ખરા તડકામાં આટલે દુર લોકો મને મળવા બહુ નથી આવતા. હું આજકાલ જાહેરસભાઓમાં બિલકુલ નથી જતો. પણ તમે કરેલું ધ્યાન એટલું બધું હૃદયદ્રાવક છે કે મારાથી તમને ના ન જ પડાય."

ગંભીર મુખમુદ્રા વાળા આ જ્ઞાનવૃદ્ધ વિદ્વદ્વર્યની મનમાં મેં પુજા કરી. પણ મારા હૃદયસિંહાસન ઉપર તેમને હું ન સ્થાપી શકયો. એ હજી ખાલી જ હતું. સંતો ઘણાં સાંપડયા પણ મારો ગુરૂ મને લાધ્યો નહિ

પણ ગોખલેની વાત નિરાળી જ હતી. કેમ તે હું નહિ કહી શકું. ફર્ગ્યુસન કોલેજના કમ્પાઉન્ડમાં એમને ત્યાં હું એમને મળેલો. જાણે કોઇ પુરાતન મિત્રને મળવાનું થયું હોય અથવા તો એથી યે વધુ સાર્થ શબ્દોમાં કહું તો જાણે ઘણા વર્ષથી વિખુટાં પડેલાં મા–દીકરો મળ્યાં હોય! એમની માયાળુ મુખમુદ્રાએ ક્ષણ વારમાં મારા મનની બધી ભીતિ હરી લીધી. મારે વિષે તેમ જ દક્ષિણ આફ્રિકાનાં મારાં કામોને વિષે તેમણે ઝીણીમાં ઝીણી વિગતો પુછી. તત્કાળ તેમણે મારૂં હૃદયમંદિર સર કર્યું. જ્યારે મેં તેમની વિદાય લીધી ત્યારે મારા મનમાં એક જ ધ્વનિ ઉઠયો: 'આ જ મારો મુરશીદ'

× × ×

23

મારી મુસાફરીઓમાં કડવા અને મીઠા એમ બંને અનુભવો થયા કરે છે. મધ્યપ્રાંતની એક મુસાફરીમાં મોટર ખોટકી; પાછા ફરતા બીજી મોટર પણ તુટી અને આ વેળા એવી જગ્યાએ કે જ્યાં કશી મદદ ન મળી શકે. છેવટે એક ગામડા નજીક પહોંચ્યા. ત્યાંથી ગાડામાં જવાનું ઠર્યું. રાતના એક વાગે ગાડાની મુસાફરી શરૂ થઇ. હું થાકયો હતો. ઉંઘ પણ ભરાઇ હતી. મને શી દરકાર કે બળદ કેવા છે તેનો

હાંકનારો કેવો છે એ જોઉં ? ઉંઘમાં યે હું એટલું સાંભળી શકતો હતો કે બળદ ઘોડા વેગે જતા હતા. વળી વચમાં જરા ધીમા ચાલે પણ મોટે ભાગે દોડતા જ હતા. બળદ દોડે એ કોને ન ગમે ? મેં વિચાર્યું: "ઠીક છે; આપણે વહેલા ઘેર પહોંચીશું. આ તરફના બળદ સારા હશે."

સવાર પડી—જાગ્યો. મેં જોયું તો હાંકનારના પરો-ણામાં આર હતી અને તે આર વારંવાર બળદની પુંઠમાં ભોંકીને તેનાથી તે પ્રાણીઓને દોડાવતો હતો. બળદ આ ત્રાસથી રસ્તામાં શેરી રહ્યા હતા.

આ દશ્ય જોઇ મારી દીન દશા જો વાંચનાર કલ્પી શકતો હોય તો કલ્પી લે. તે જ ક્ષણે ગાડામાંથી ઉતરી જવાની ઇચ્છા થઇ. મોટરની મુસાફરી આના કરતાં તો હજારગણી સારી એમ થયું. વળી મેં વિચાર્યું કે મોટરના કારખાનામાં મોટર બનાવનાર અંગ્રેજ અમેરિકનની શી વલે થતી હશે એ કોણ જાણે ? બળદ ગાડીમાં બેસવું એ મોટ-રમાં બેસવા કરતાં થોડું પાપ નહિ ગાય ? આમ મનની સાથે ઘાટ ઘડયો જતો હતો અને બળદનો ત્રાસ જોયા કરતો હતો. બે એક મિનિટ તો સહન કર્યું પછી બળદના માલેકની પાસેથી પરોણો માગ્યો. તેણે તે આપી દીધો

તે સમજ્યો. મને તે ઓળખતો નહોતો મને 'બાવાજી' નામથી બોલાવતો હતો. 'મહાત્માજી' કરતાં 'બાવાજી' મને વધારે પ્રિય લાગ્યું, મારા પોષાક પરથી તેણે મને 'બાવો' માન્યો. 'બાવાજી'નો પોષાક પહેરવો સહેલ છે. 'બાવાજી'ના ગુણ મેળવવા દોહ્યલા છે, છતાં હિંદુસ્થાનના

ભોળા લોક તો પહેરવેશની સાદાઇથી સહાવ ભોળવાયા છે અને ભોળવાયે જશે.

મેં ગાડીવાનને લાકડીને તે બુંઠે છેડેથી વાપરવા ભલામણ કરી અને લાકડી પાછી આપી. બળદને દોડાવ-વાની કંઈ જરૂર નથી. કલાક મોડા પહોંચું તેની તેણે ફિકર ન કરવી એમ કહ્યું. તેને મેં આર કહાડી નાંખવા વિનવ્યો. તેણે તેમ કરવાનું વચન આપ્યું.

× × ×

૨૪

ગોરખપુરની મુસાફરી પુરી કર્યાં પછી અમારે કાશીજી જવાનું હતું. મુસાફરી ઘણે ભાગે રાતની હોય છે. દર માસે લગભગ પંદર રાત ટ્રેનમાં જાય છે એમ કહેવામાં અતિશયોક્ત નથી થતી. આ રાતે તો અવધિ વાળી. ગાડી દરેક સ્ટેશને લાંબો વખત રોકાય, દરેક સ્ટેશને માણ-સોના પોકાર ચાલતા જ હોય, મારા સાથીઓ લોકોને વિનવે અને રખાય તેટલા રાખે. હું ભારે થાક્યો અને કાયર થયો હતો. મારી પત્નીએ અને ભાઈ મહાદેવે એક સ્ટેશન આગળ લોકોને શાંત રાખવા ભારે પ્રયત્ન કર્યો. કેમે ન રહે 'દર્શન' જોઇએ જ. બારીએથી ડોકિયાં કહાડે, અનેક વાતો સંભળાવે, મહેણાં પણ મારે; છેવટે હું ગભરાયો. મને લાગ્યું કે મારે મારી સ્ત્રીનો અને મહાદેવનો કંઇક બચાવ કરવો જ જોઇએ. હું ઉઠયો. મેં બારીમાંથી ડોકું કહાડયું. હું બળી રહ્યો હતો તેથી કંઇ ઓઢયું પણ ન હતું ઠંડી ઠીક હતી પણ ક્રોધમાં મને શાની

લાગે? મેં ઉંચે અવાજે લોકોને વિનવ્યા. તેમના 'જય ના નાદો વધારે થવા લાગ્યા. હું બહુ ચીડાયો મેં કહ્યું: 'તમારે સ્ત્રીની અને એક જુવાનની દયા તો ખાવી હતી? તમે આમ કેમ પજવો છો? રાતના દર્શન કેવાં?' લોકોને આ બધું સાંભળવું પણ ન હતુ.

હું શું કરૂં? બારીએથી પડતું મેલું? રોઉં? લોકોને મારૂં? સ્ટેશન ઉપર રહી જાઉં? પડતું કેમ મેલાય? રોયે શું વળે? મરાય તો કેમ જ? સ્ટેશન ઉપર રહી જાઉં તો કાશી ન પહોંચાય. પણ મારો ક્રોધ કેમે ન શમે. લોક પણ શાંત થાય જ નહિં. 'જય'ના પોકારો વધવા લાગ્યા. પ્રેમ અને ધિક્કાર બન્ને માણસને ભાન ભૂલાવી શકે છે એ મેં જોયું. મેં મારા કપાળ ઉપર પ્રહાર કર્યો: તેની અસર ન થઈ. ફરી કર્યો એટલે એક જણ બોલી ઉઠયો. "તમે ક્રોધ કરશો તો અમે કયાં જઈશું?" હું શરમાયો પણ ક્રોધ કંઇ ઉતર્યો નહિ. લોકો શાંત થાય ત્યારે જ ક્રોધ ઉતરે. ત્રીજી વેળાં મેં કપાળ કુટયું. લોકો ગભરાયા. તેઓએ માફી માગી, ચૂપ થયા, મને સુઈ જવા કહ્યું. આ બધું એક સજ્જને જોયેલું મારૂં દુ:ખ તે માપી શકયા. આમ મેં શાંતિ મેળવી. પછીને સ્ટેશનેથી આ સજ્જને જ અમારા બધાનો બચાવ કર્યો. જ્યારે જ્યારે સ્ટેશન આવે ત્યારે તે લોકોને સમજાવે, તેમની દર્શનની લાલસાને દબાવે, અને શાંત પાડે.

× × ×

૨૫

દક્ષિણ આફ્રિકામાં હું કદી રિક્ષામાં નહોતો બેઠો, પણ સીમલામાં મારી નબળાઇએ મને તેમાં બેસાડયો છે. નાનાં મોટાં સ્ત્રી પુરુષ બધાં રિક્ષામાં બેસે છે. મોટરની મનાઇ છે એ તો વ્યાજબી જ લાગે છે. ઘોડાગાડી માત્ર વાઇસરૉય સાહેબ અને એક બે બીજા અમલદારો જ વાપરી શકે છે એ પણ યથાર્થ લાગે છે. અહિંના રસ્તા સાંકડા છે. ઉંચા પહાડોમાં રસ્તા કોતરવા તે તો સાંકડા જ હોઈ શકે. તે રસ્તે ગાડીઓની આવજા થોડી જ હોઈ શકે.

પણ આશ્ચર્ય એ છે કે રિક્ષા એટલી સામાન્ય વસ્તુ થઈ પડી છે કેમ જાણે આપણે ગાડીમાં જોડાવું એ આપણો ધર્મ ન હોય ? મને ઘસડી જનાર ભાઇઓને મેં પુછ્યું: "તમે આ ધંધો કેમ કરો છો ?' જવાબ મળ્યો: 'પેટ ભરવું રહ્યું ના ?' આ જવાબ પુરો નથી એ જાણું છું. છતાં તેઓ શોખથી જાનવર બને છે એમ તો ન જ કહેવાય. મારી ફરિયાદ તો એ છે કે આપણે મનુષ્યને જાનવર બનાવીએ છીએ, પછી આપણે સામ્રાજ્યના બેલ બન્યા છીએ તેમાં શી નવાઈ ?

× × ×

૨૬

જ્યારે હું અયોધ્યાજી પહોંચ્યો, ત્યારે જ્યાં રામચંદ્રજીનો જન્મ થયેલો કહેવાય છે તે જ સ્થળે નાનકડું મંદિર છે ત્યાં મને લઇ જવામાં આવ્યો હતો. ભાવિક અસહકારીઓએ મને સૂચના કરેલી કે મારે પુજારીને વિનવવા કે તેઓ

સીતારામની મૂર્તિઓનાં વસ્ત્રને સારૂ પવિત્ર ખાદીનો ઉપયોગ કરે. મેં તો સૂચના કરેલી. તેનો અમલ ભાગ્યે થયો હોય. જ્યારે હું દર્શન કરવા ગયો, ત્યારે મેં મૂર્તિઓ પર ભૂંડી મલમલ અને તુઇના વાઘા જોયેલા. જો મારામાં તુલસીદાસજીના જેટલી ગાઢ ભક્તિનું સામર્થ્ય હોત, તો હું પણ તે વેળા તુલસીદાસજીની જેમ હઠ લેત. કૃષ્ણમંદિરમાં તુલસીદાસજીએ પ્રતિજ્ઞા કરેલી કે જ્યાં સુધી ધનુષબાણ લઇ કૃષ્ણ રામ રૂપે પ્રગટ ન થાય, ત્યાંસુધી તુલસી–મસ્તક ન નમે. શ્રદ્ધાળુ લેખકો કહે છે કે જ્યારે ગોસ્વામીએ આવી પ્રતિજ્ઞા કરી, ત્યારે ચોમેર તેમની આંખ આગળ રામચન્દ્રજીની મુર્તિ ખડી થઇ અને તુલસીદાસનું માથું સહેજે નમ્યું. મને ઘણીયે વેળા એવી હઠ કરવાનું મન થઇ જાય છે કે આપણા ઠાકોરજીને પુજારીઓ ખાદી પહેરાવી સ્વદેશી બનાવે, ત્યારે જ માથું ઝુકાવું. પણ મારે એટલું તપ કરવું રહ્યું, તુલસીદાસજીની અપુર્વ ભક્તિ મેળવવી રહી. દરમિયાન જેમ મુસલમાન ભાઇઓ પવિત્ર કામોને સારૂ ખાદીનો ઉપયોગ કરતા થઇ ગયા છે, તેમ હિન્દુનાં મંદિરોમાં અને બીજાં પવિત્ર કાર્યોમાં ખાદી દાખલ થાઓ એમ ઇચ્છું છું.

× × ×

૯૭

આફ્રીકાથી આવી હું જ્યારે મુંબઇ બંદરે ઉતર્યો ત્યારે જ મને ખબર પડી કે તે વખતે આ કુટુંબ શાંતિનિકેતનમાં હતું. એટલે ગોખલેને મળી હું ત્યાં જવા અધીરો થયો હતો.

મુંબઈમાં માન મેળવતાં જ મારે એક નાનકડો સત્યાગ્રહ તો કરવો પડ્યો હતો. મિ. પિટીટને ત્યાં મારે સારૂ મેળાવડો કરવામાં આવ્યો હતો તેમાં તો મારી હિંમત ગુજરાતીમાં જવાબ દેવાની ન ચાલી. એ મહેલમાં અને આંખને અંજાવે એવા દબદબામાં ગિરમીટિયાઓના સહવાસમાં રહેલો હું મને ગામડિયા જેવો લાગ્યો. આજના મારા પોશાક કરતાં તે વખતે પહેરેલું અંગરખું, ફેંટા વગેરે પ્રમાણમાં સુધરેલો પોશાક કહેવાય, છતાં હું એ અલંકૃત સમાજમાં નોખો તરી આવતો હતો. પણ જેમ તેમ ત્યાં તો મારૂં કામ મે નભાવ્યું ને ફિરોજશા મહેતાની કુખમાં મેં આશ્રય લીધો.

\+ + +

૨૮

આફ્રીકાથી આવ્યા પછી ગુજરાતીઓનો મેળાવડો તો હતો જ. સ્વ. ઉત્તમલાલ ત્રિવેદીએ આ ગોઠવ્યો હતો. આ મેળાવડા વિષે કેટલીક હકીકત મેં જાણી લાધી હતી. મી૦ ઝીણા પણ ગુજરાતી એટલે તેઓ તેમાં હાજર હતા. તે પ્રમુખ હતા કે મુખ્ય બોલનાર એ તો હું ભૂલી ગયો છું. પણ તેમણે પોતાનું ટુંકું ને મીઠું ભાષણ અંગ્રેજીમાં કર્યું. બીજાં ભાષણો પણ ઘણે ભાગે અંગ્રેજીમાંજ થયાં એવું મને ઝાંખુ સ્મરણ છે. જ્યારે મારો બોલવાનો વારો આવ્યો ત્યારે મેં ઉત્તર ગુજરાતીમાં જ વાળ્યો. ને ગુજરાતીનો તથા હિંદુસ્તાનીનો મારો પક્ષપાત મેં થોડા જ શબ્દોમાં જાહેર કરી ગુજરાતીઓની સભામાં અંગ્રેજીના

ઉપયોગની સામેનો મારો નમ્ર વિરોધ નોંધાવ્યો. મારા મનમાં આમ કરવા વિષે સંકોચ તો હતો જ. લાંબી મુદ્દતની ગેરહાજરી પછી પરદેશથી વળેલો બિનઅનુભવી માણસ ચાલતા પ્રવાહની સામે જાય એમાં અવિવેક તો નહિં હોય એવું મને લાગ્યા કરતું હતું. પણ ગુજરાતીમાં ઉત્તર વાળવાની મેં હિંમત કરી તેનો કોઇએ અનર્થ ન કર્યો ને સૌએ મારો વિરોધ સાંખી લીધો એ જોઇ હું રાજી થયો, ને મારા નવા લાગતા બીજા વિચારો પ્રજા આગળ મૂકવામાં મને અડચણ નહિ આવે એવો સાર પણ મેં આ સભામાંથી ખેંચ્યો.

આમ મુંબઈમાં બેએક દિવસ રહી આરંભિક અનુભવો લઇ હું ગોખલેની આજ્ઞાથી પુના ગયો.

× × ×

૨૯

બર્દવાન પહોંચીને અમારે બીજા વર્ગની ટિકિટ લેવાની હતી. તે મેળવતાં વિટંબના પડી. 'ત્રીજા વર્ગના ઉતારૂને ટિકિટ વહેલા આપવામાં નથી આવતી,' એવો જવાબ મળ્યો. હું સ્ટેશન માસ્તર પાસે ગયો. મને તેમની પાસે કોણ જવા દે ? કોઈએ દયા કરી સ્ટેશન માસ્તરને બતાવ્યા ત્યાં પહોંચ્યો. તેમની પાસેથી પણ ઉપરનો જ જવાબ મળ્યો. 'બારી ઊઘડ્યાં' ત્યારે ટિકિટ લેવા ગયો. પણ સહેલાઈથી ટિકિટ મળે તેમ નહોતું બળવાન ઉતારૂઓ એક પછી એક ઘુસતા જાય ને મારા જેવાને હઠાવતા જાય. છેવટે ટિકિટ તો મળી.

ગાડી આવી. ત્યાં પણ બળિયા હતા તે પેસી ગયા. ઉતારૂ વચ્ચે ને બેસનાર વચ્ચે ફાગ ઊડે, ધક્કાધક્કી ચાલે. એમાં મારાથી ભાગ લેવાય તેમ નહોતું. અમે ત્રણે આમ તેમ જઈએ. બધેયથી એક જ જવાબ મળે. 'અહીં જગ્યા નથી.' હું ગાર્ડ પાસે ગયો. તે કહે, જગ્યા મળે તો બેસો નહિ તો બીજી ટ્રેનમાં જાવો.'

મેં નમ્રતાપુર્વક કહ્યું, 'પણ મારે અગત્યનું કામ છે.' આ સાંભળવાનો ગાર્ડને વખત નહોતો. હું હાર્યો. મગનલાલને જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જવા કહ્યું. પત્નીને લઇને હું ત્રીજા વર્ગની ટિકિટે ઇન્ટર'માં બેઠો. ગાર્ડે મને તેમાં જતાં જોયેલો.

આસનસોલ સ્ટેશને ગાર્ડ વધારાના પૈસા લેવા આવ્યો. મેં કહ્યું. 'તમારો મને જગ્યા બતાવવાનો ધર્મ હતો. જગ્યા ન મળી એટલે હું આમાં બેઠો છું. મને તમે ત્રીજા વર્ગમાં જગ્યા આપો તો હું તેમાં જવાને તૈયાર છું.'

ગાર્ડ સાહેબ બોલ્યા, મારી સાથે દલીલ ન થય. મારી પાસે જગ્યા નથી. પૈસા ન આપવા હોય તો તમારે ટ્રેનમાંથી નીકળવું પડશે.'

મારે તો કેમેય પુના પહોંચવું હતું. ગાર્ડ જોડે લડવાની મારી હિંમત નહોતી. મેં પૈસા ચૂકવ્યા. છેક પુના સુધીનું વધારાનું ભાડું લીધું. મને આ અન્યાય ખૂંચ્યો.

સવારે મુગલસરાઇ આવ્યું. મગનલાલે ત્રીજા વર્ગમાં જગ્યા મેળવી લીધી હતી. મુગલસરાઈમાં હું ત્રીજા વર્ગમાં ગયો. ટિકિટ કલેક્ટરને મેં હકીકતથી વાકેફ કર્યો. તેની

પાસેથી મેં અમારી વાતનું પ્રમાણપત્ર માગ્યું. તેણે આપવાની ના પાડી. મેં વધારાના ભાડા પૈસા પાછા મળવાની રેલ્વેના વડાને અરજી કરી.

પ્રમાણપત્ર વિના વધારાના પૈસા પાછા આપવાનો અમારો રિવાજ નથી. પણ તમારા કેસમાં અમે આપીએ છીએ. બર્દ્વાનથી મોગલસરાઇ સુધીનો વધારો તો પાછો ન અપાય.' આવી મતલબનો જવાબ મળ્યો.

× × ×

૩૦

એક વખત રેલ્વેમાં જતાં ઘણે સ્ટેશને ડિટેકટીવ મારી ટિકિટ જોવા આવે, નંબર વગેરે લે. હું તો તરત તેઓ જે પ્રશ્ન પુછે તેનો જવાબ આપી દેતો. પડોશી ઉતારૂઓએ માનેલું કે હું કોઈ સાદો સાધુ કે ફકીર છું. બેચાર સ્ટેશને ડિટેકિટવ આવ્યા, એટલે આ ઉતારૂઓ ચિડાયા, ને પેલા ડિટેકટીવને ગાળ દઈ ધમકાવ્યો.

'ઇસ બિચારે સાધુકો નાહક ક્યોં સતાતે હો ?' મારી તરફ વળીને કહ્યું. 'ઈન બદમાશોં કો ટિકટ મત બતાઓ.'

મેં હળવેથી આ ઉતારૂઓને કહ્યું, 'તેઓ ટિકિટ જુએ છે તેમાં મને કશી હેરાનગતિ નથી, તેઓ તેમની ફરજ બજાવે છે, તેમાં મને કંઈ દુઃખ નથી.' ઉતારૂઓને આ વાત ગળે ન ઊતરી, ને તેઓ મારી વધારે દયા ખાવા લાગ્યા, ને અરસપરસ વાતો કરવા લાગ્યા કે નિર્દોષ માણસોને આવી હલાકી શાને સારૂ હોય ?

× × ×

૩૧

કરાંચીથી કલકત્તા લાહોરને રસ્તે જવાનું હતું. લાહોર ટ્રેન બદલવાની હતી. ત્યાંની ટ્રેનમાં મારો પતો ક્યાંયે લાગે તેમ નહોતું. ઉતારૂઓ બળાત્કારે પોતાનો માર્ગ કરી લેતા હતા. ડબ્બો બંધ હોય તો બારીમાંથી અંદર ઘરે. મારે કલકત્તે નીમેલી તારીખે પહોંચવાનું હતું. આ ટ્રેન ખોઉં તો કલકત્તે ન પહોંચાય. હું જગ્યા મળવાની આશા છોડતો હતો. કોઈ મને પોતાના ડબ્બામાં ન લે. છેવટે એક મજુરે મને જગ્યા શોધતો જોઇ કહ્યું, 'મને બાર આના આપો તો હું જગ્યા અપાવું.' મેં કહ્યું, 'મને જગ્યા અપાવે તો જરૂર બાર આના આપું.' બીચારો મજુર ઉતારૂઓને કરગરે પણ કોઈ મને સંઘરવા તૈયાર ન થાય. ટ્રેન ચાલવાની તૈયારી હતી. એક ડબ્બાના કેટલાક ઉતારૂઓ બોલ્યા, 'યહાં જગહ નહિ હૈ, લેકિન ઇસકે ભીતર ઘુસા સકતે હો તો ઘુસાદો. ખડા રહેના હોગા.' મજુર બોલ્યો, 'કયોં જી?' મેં હા પાડી ને મને તો ઉપાડીને તેણે બારીમાંથી અંદર ફેંક્યો. હું અંદર ઘુસ્યો, પેલો મજુર બાર આના કમાયો.

મારી આ રાત કઠણ ગઈ. બીજા ઉતારૂઓ જેમતેમ બેઠા. હું ઉપરની બેઠકની સાંકળ ઝાલીને બે કલાક ઊભો જ રહ્યો. દરમ્યાન કેટલાક ઉતારૂઓ મને ધમકાવ્યા જ કરતા હતા: 'અજી અબતક કયોં નહિ બેઠતા હૈ?' મેં ઘણું સમજાવ્યું કે ક્યાંયે જગ્યા નથી પણ એ તો મારૂં ઊભા રહેવું સહન જ ન કરે. જોકે તે ઉપરના

બેઠકમાં આરામથી લાંબા થઈ પડયા હતા. ઘણીવાર પજવે. જેમ પજવે તેમ હું શાંતિથી જવાબ દેતો હતો તેથી તેઓ કંઇક શાંત પડયા. મારૂં નામઠામ પુછયું. જ્યારે મારે નામ આપવું પડયું ત્યારે તેઓ શરમાયા. માફી માગીને મને પોતાની પડખે જગ્યા કરી આપી. 'ધીરજનાં ફળ મીઠાં'ની કહેવત યાદ આવી. હું ખુબ થાકયો હતો, માથું ફરતું હતું. બેસવાની જગ્યાની જ્યારે ખરી જરૂર હતી ત્યારે ઈશ્વરે આપી.

\+ \+ \+

૩૨

ઇમામ સાહેબ અબદુલ બાવાજીને બે દીકરીઓ છે તેમના મોટી દીકરી બેન ફાતમાના વિવાહનો પ્રસંગ આવ્યો. અમે બન્નેએ મસલતો કરી, ફાતમાં વીશ વર્ષ ઉપરની ડાહી છોકરી છે તેની સાથે અને ઇમામ સાહેબ સાથે મસલત કરીને અને આશ્રમને છાજે, અમારી ગરીબીને છાજે તેવો વિવાહ કરવાનો નિશ્ચય કર્યો વરઘોડો ત્થ વાજીંત્રાદિ તમામ આડંબરો બંધ રાખ્યા. જમણ બંધ રાખ્યા, વિદ્યાર્થીઓ પોતાના બ્રહ્મચર્યને મહિમા સમજી શકે તેથી તેઓના સાથે પણ વાતચીત કરી તેઓને વિવાહમાં ભાગ નહિ લેવાનું ઠરાવ્યું. ઇમામ સાહેબના અને વરરાજા ભાઇ સૈયદ હુસેન ઉરેઝીના સગાને અને જેઓ આશ્રમની સાથે સંબંધ રાખનારા છે તેઓને આશીર્વાદ દેવા આવવાનું આમંત્રણ કર્યું. તેઓના આગળ ઘેર બનાવેલો શરબત

અને સુકો લીલો મેવો ધર્યો બતીમાં હાંડી શીવાઇ કાંઇજ નહિ રાખ્યું.

વિવાહની ક્રિયા બે કલાક ચાલી તેમાં અર્ધો કલાક મોઉદ શરીફમાં એટલે મંગળાચરણમાં પેગમ્બર સાહેબનું જીવન ચરિત્ર અરબીમાં પઢવામાં ગયો. પછી કાજીસાહેબે સાક્ષીઓ સમક્ષ નિકાહનામું લખ્યું અને મુંબઇની જુમા મસ્જીદના ખતીબ સાહેબ અબદુલ મુનીમ બાગઝાદાએ પઢાવ્યું. તેમાં સહીઓ થઈ. તેમાં વિશેક મિનિટ ગઇ. પછી ફાતેહા, એટલે ઇશ્વરનો પાડ. ત્યારબાદ શરબત અને મેવો તથા વરરાજાનાં આવેલાં મુરબ્બીઓને નમન કરવાનું. વરરાજાનો પોષાક સાદો હતો. સાંજના સાડાછ વાગે કાર્ય શરૂ થયું અને સાડાઆઠ વાગે પુરૂં થયું. ત્યારબાદ બહેન ફાતમાએ આશ્રમમાં વિદ્યાર્થીઓની મુલાકાત લીધી. આ દેખાવ કરૂણાજનક હતો. તેની સાથે ભણનારા વિદ્યાર્થીઓ, તેની સાથે રહેનારાં ભાઇબહેનોની સાથે વિયોગનો સમય આવ્યો જાણી તે રોવા લાગી. તેની ફરજ આશ્રમનું શિક્ષણ તેના સાસરામાં લઇ જવાની છે એનું તેને સ્મરણ કરાવવામાં આવ્યું. તેનું કાર્ય પોતાના નવા ઘરમાં સત્યનો, દયાનો, સ્વદેશીનો, દેશસેવાનો, સાદાઇના પ્રચાર કરવાનું છે એમ તે સમજી. આમ આ વિવાહનું કાર્ય બે અઢી કલાકમાં ઉકલી ગયું.

બીજે દહાડે સવારે હું શહેરમાં ગયો ત્યાં ફુલેકાં પાર વિનાનાં જોયાં. ચિત્રવિચત્ર પોષાક પહેરલા વાજાંવાળા પોતાના આવાજોથી કાન બહેરા કરી રહ્યા હતા. બાળકો અને જુવાનીઆ અસહ્ય તાપમાં ઘરેણામાં અને મખમલના

પોષાકમાં લદાયેલા પસીનાથી નિતરી રહ્યા હતા. વરરાજા ફુલવાડીમાં ઢંકાઇ ગયા હતા. આમાં મેં ન જોયો ધર્મ, ન જોયો ખરો આનંદ, ન જોયો ખરો વૈભવ. જો વાજાં રાખવાં હોય તો શાસારૂ આપણે પશ્ચિમની બેહુદી નકલ કરીએ? પશ્ચિમની જ નકલ કરવી હોય તો તેનું અસલ તપાસીને જ લઇએ. આપણે જે બેંડો વગાડાવીએ છીએ તેમાં જરા યે માધુર્ય નથી, સંગીત નથી એમ સામાન્ય સંગીત જાણનાર પણ કહેશે. વરઘોડો કહાડીએ તો દેશની હવાને છાજતો પોષાક કેમ ન રાખીએ? જવાહિર પહેરાવવાં હોય તો કેમ તેમાં કંઇક કળા કે વિવેકનો ઉપયોગ ન કરીએ? જો ગીત ગવડાવવાં હોય તો સ્ત્રીઓને કેમ ગીત ગાતાં ન શીખવીએ?

મારી ફરિયાદ ધામધુમ સામે નથી. જેની પાસે પૈસા છે, જેની પાસે બીજો આદર્શ નથી એ ધામધુમ કરશે. એને પૈસા વાપરવાનો અવકાશ જોઇએ. પણ આપણી ધામધુમોમાં વિવેક, વિચાર, મર્યાદા, કળા, ઉન્નતિ જોવા ઇચ્છું છું. આપણા વિવાહની ઢબમાં ફેરફારો થયેલા તો જોઉં છું. પણ તે ફેરફારો ઘણા તો વગરવિચારે થયેલા જોવામાં આવે છે. આડંબર ઘટવાને બદલે વધ્યો છે, ખર્ચ ઘટવાને બદલે વધ્યા છે. વિવાહ એક ધાર્મિક ક્રિયા છે, એ તો ભુલાઇ જવાયું છે. સારાં કુટુંબો વિચારપુર્વક ફેરફારો કરે તો જરૂર બીજાઓ ઝીલી લે એવી મારી માન્યતા છે. પ્રજાજીવન જો આગળ વધવાનું હશે તો આપણે તે જીવનનાં સઘળા પાસાં તપાસવાં પડશે.

આપણી ઉપર એક આરોપ છે; તેમાં કંઇક સત્ય છે આપણે દેખાવ બહુ કરીએ છીએ. ખરા આનંદને બદલે આનંદનો દેખાવ કરીએ છીએ; ખરા શોકને બદલે શોકનો દેખાવ કરીએ છીએ.

× × ×

૩૩

અમદાવાદ છોડી હું મુંબઇ ગયો. ત્યાં જે બંગલામાં હું રહેતો હતો ત્યા બીજા ભાડુતો રહેતાં હતા. તેઓમાં એક મરણ થયું વખત બાર વાગ્યાનો હતો. એકાએક કોલાહલ મચી રહ્યા. રોકકળ શરૂ થઇ. બચ્ચાંના, બૈરાના, મર્દના અવાજ સાથે ઉપજ્યા. આ રોણું રાતના નવ દશ વાગ્યા સુધી ચાલ્યું. બીજા બૈરાં આવ્યાં તેમણે પણ છાતી કુટવાનું અને રોવાનું શરૂ કર્યું. આ રોવા કુટવામાં મોટે ભાગે દેખાવમાત્ર હતો. આમાં ધર્મ તો નથી જ. મુએ લાંની પાછળ રોવાના આપણા ધર્મમાં મનાઇ છે. બીજા ધર્મમાં તો રોતા જ નથી. ઉપરના રોવામાં પાડોશી તરફનો ધર્મ તો ભૂલાઈ જ જવાય છે. પાસે માંદા હશે પાસેના ઘરમાં વિવાહ હશે એ વિચાર તો કરાય જ કેમ ? રોવું અને ઉંચેથી રોવું, એ રિવાજ છે. ન રોઇએ તો આપણને કોઇ વગોવશે વાસ્તે રોવું, વાસ્તે કુટવું આ ન્યાય છે. આ ન્યાય કંઇ ગરીબોનો કે અભણનો નથી. સારાં કુટુંબોમાં એ ન્યાય પ્રવર્તે છે. આ કુટેવ, આ પાપ કેમ મટે?

ફાતમાના લગ્ન પછી તરત જ બે કડવા અનુભવ મળ્યા તેની સરખામણી ઉપરના (મને લાગતા) ભવ્ય અનુભવની સાથે કર્યાં વિના ન રહેવાયું. વાંચનારને તે વિચા-

રોની ભેટ કરૂં છું તે એવી આશાએ કે આપણે આપણા જીવનને સુક્ષ્મ રીતે તપાસીએ અને જે જે બદી હોય તે તે કહાડીએ.

શંકા સમાધાન.

[મહાત્માજીની ચળવળ સબંધી–જે પ્રશ્નો પ્રજા તરફથી પુછાયા હતા એના સચોટ અને મનનીય ઉત્તરો એમના પોતાનાજ શબ્દોમાં]

મહાસભામાં મહાત્માજીની મનોદશા

[સ્વાતંત્ર્યનો ઠરાવ પસાર થયો તેને આગલે દિને મહાત્માજી ભાવિ કાર્યક્રમ વિષે શું ધારતા હતા તે મનોદશા વ્યક્ત કરતા નીચેના સુચક સવાલ જવાબ જે શ્રી. મહાદેવભાઇએ 'નવજીવનમાં આપેલા તે નીચે આપ્યા છે.

સ્વાતંત્ર્યનો ઠરાવ પસાર થયો તેને આગલે દિવસે આ વિષે ખુબ ચર્ચા થઇ હતી સવાલ જવાબ આપવા જેવા છે, અને ગાંધીજી ઠરાવ કરવાને કેમ પ્રેરાયા તે વ્યક્ત કરે છે.

સ૦ આ વાતાવરણ કેટલું પ્રતિકુળ છે એ તો આપ જુઓ છો ના ?

જ૦ બહુ સારી રીતે જોઉં છું.

સ૦ તોપણ એ ઠરાવ મૂકવો જોઇએ એમ આપને લાગે છે ?

જ૦ જરૂર. એ ઠરાવ ન કરીએ તો દેશનું પતન થાય, આપણા વચનમાં કોઇને વિશ્વાસ ન પડે, ખોટી ધમકી અને ધાંધલ કરનારા આપણે છીએ એમ ઠરે.

સ૦ પણ આવા વાતાવરણમાં ઋવે ઠરાવ કરવો એના કરતાં 'રાઉંડ ટેબલ કૉન્ફરન્સ'માં જવું શું ખોટું ?

જ૦ ત્યાં જઇને આપણે કેવું પ્રદર્શન કરીએ તેની તમને કલ્પના છે ? એક આમ તાણશે અને એક તેમ તાણશે અને આપણા ભુક્કા થઈ જવાના છે.

સ૦ પણ એ જ સ્થિતિ આ ઠરાવને વિષે નથી ? જેવી ફાટફુટ ત્યાં થાય એવો ભય આપ રાખો છો તેવી ફાટફુટ તો અહીં સાફ દેખીતી છે. અહીં એ ફાટફુટમાં શું કામ થઇ શકવાનું છે ?

જ૦ એમાં ભેદ છે એ તમે નથી જોતા. ફાટફુટ સર્વ સાધારણ નથી. પણ કહેવાતા નેતાઓમાં છે. 'રાઉંડ ટેબલ કૉન્ફરન્સ'માં લોકો નથી જવાના પણ નેતાઓ જવાના છે, અને એ નેતાઓ વચ્ચે ઐક્ય થવું મુશ્કેલ જોઉં છું.

સ૦ પણ ત્યારે આપણે પણ અહીં એકમત થયા વિના શું કરી શકીએ એમ છીએ ?

જ૦ હું તમને કહી ગયો એ ન સમજ્યા. ફાટફુટ—આપણી—વચ્ચે છે, પણ લોકોમાં નથી. લોકોની આગળ તો એક-સરસ વિચારેલી વસ્તુ મૂકશું તો તેને વધાવી લેશે અને યથાશક્તિ તેનું પાલન કરશે.

આ પછી ગાંધીજીની સાથે વિવાદનો માર્ગ રહ્યો નહોતો. ધર્મ સમજીને એમણે ઠરાવ રજૂ કર્યો, એમના મહાસભામાં કરેલા ભાષણમાં એ જ ધ્વનિ હતો, જે સમજનારા સમજ્યા વિના ન રહ્યા હોય.

\+ \+ \+

૩૪

બૉંબના ઠરાવનું અને વાઇસરાયના કામની કદર કરવાના ઠરાવનું મહત્ત્વ સમજાવવું પડે એ દુઃખદ સ્થિતિ કહેવાય. અમુક સભ્યો તો એનો વિરોધ કરવાને કટિબદ્ધ થઇને આવ્યા હતા. આ વિષે ગાંધીજીના બોલ અહીં આપી દઉં.

"તમે કહો છો કે ઘણા લોકો હિંદુસ્તાનમાં રહે છે, એ શું કરે ન કરે તેની સાથે આપણને શી પરવા છે? આ બોલવું આપણને ન શોભે. જો મહાસભા ૩૦ કરોડને માટે બોલે છે એવો આપણે દાવો કરતા હોઈએ તો આપણો કટ્ટે દુસ્મન હોય તોપણ તેને વિષે આવું કામ થાય તો તેનો આપણે વિરોધ કરવો રહ્યો. આ ઠરાવમાં ગુમાવવાનું કશું નથી, કમાવવાનું છે. એ ઠરાવ આપણા અહિંસાના ધ્યેયમાંથી ફલિત થાય છે. દરેક અંગ્રેજના જીવનને માટે આપણે જવાબદાર થઈએ છીએ. અને કોઈ પણ અંગ્રેજનો વાળ વાંકો કરે તો તેનો વિરોધ કરવાનો આપણો ધર્મ થઈ પડે છે. દરેક અંગ્રેજને એમ લાગવું જોઇએ કે હું હિદુસ્થાનમાં નિર્ભય થઇને રહી શકું છું, હિંદુસ્તાનમાં મને કોઈનાથી ડરવાનું કારણ નથી. આ ઠરાવથી જુવાનોની હિંસા થાય છે, તેઓ આપણી પાસેથી હઠી જશે, એવી દલીલો આજના ક્ષુબ્ધ વાતાવરણમાં જ થઈ શકે. નૌજવાનો શા સારૂ હઠી જાય? અને તેમને દુઃખ થવાનું હોય તોપણ મારા જેવા વૃદ્ધની ફરજ થઈ પડે છે કે મારે દેશના હિતને માટે જે કહેવાનું કર્તવ્ય છે તે કહ્યે જવું.

આ ઠરાવમાં ડરપોકપણું કયાં રહ્યું છે? એમાં કયાં અંગ્રેજની ખુશામદની વાત આવે છે? આ ઠરાવ પસાર કરવામાં મારે મન ખરી બહાદુરી છે."

× × ×

૩૫

પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ થયો તેની દેશી નેતાઓ ભલે ગમે તેટલી હાંસી કરતા હોય પણ પરદેશીઓ ઉપર તો ભારે અસર થઈ છે પરદેશમાં ખળભળાટ પણ થયો છે. એટલે વિલાયતના અને અમેરિકાના અનેક છાપાંવાળા ગાંધીજીનો અભિપ્રાય મંગાવી રહ્યા છે. લાહોરમાં એવો જ એક અમેરિકન ખબરપત્રી આવ્યો હતો. તેની સાથેના સવાલ જવાબ નોંધવા જેવા છે:

સ૦ ૧૯૨૧ ની લડત અને આ લડત બંને સરખી જ કહેવાય ના? બારડોલીમાં જે અલ્ટિમેટમ તમે ખેંચી લીધું તે હવે ચાલુ થશે?

જ૦ સરખી ન કહેવાય. તે વેળાના સ્વરાજ્યમાં અંગ્રેજી સરકારનો સંબંધ તોડવો આવશ્યક નહોતું; આજે તો છૂટાછેડાની વાત છે. તે વેળા શાળા, અદાલતો, વગેરેનો અસહકાર હતો; આજે માત્ર ધારાસભાનો બહિષ્કાર છે. સત્ય અને અહિંસા અને સવિનય કાનુનભંગ બંને હિલચાલ વિષે સામાન્ય છે.

સ૦ ત્યારે હવે તમે શું કરશો?

જ૦ સવિનયભંગની તૈયારી.

સ૦ સવિનયભંગ બારડોલીમાં થયો એવો ?

જ૦ એવી જાતનો. ત્યાં લડત માત્ર મહેસૂલની હતી, અહીં સંપુર્ણ સ્વરાજની છે.

સ૦ તુરત જ શરૂ કરશો ?

જ૦ અમે કેટલી જલદી તૈયારી કરી શકીએ એની ઉપર આધાર રાખે છે.

જ૦ બીજા બહિષ્કાર કેમ બંધ રાખ્યા ? શું બીજા બહિષ્કારની જરૂર નથી રહી ?

જ૦ જો સવિનય કાનૂનભંગ વેળાસર શરૂ કરી શકીએ તો પછી બીજા બહિષ્કારની જરૂર ન રહે.

સ૦ તમારી લડત સફળ થશે એમ તમને લાગે છે ?

જ૦ એ જવાબ આપવાની વાત મનુષ્યની શક્તિની બહાર છે.

[પણ આ સવાલો તો એ માણસે થોડો વખત મેળવી લેવા પૂછ્યા. મૂળ સવાલ જેને માટે એ આવ્યો હતો તે હવે નીકળ્યો.]

સ૦ જો ચોરીચોરા જેવું ફરી થાય તો તમે શું કરો ?

જ૦ હું એવી યોજના વિચારી રહ્યો છુ કે જેથી સવિનય ભંગની લડત ઊપડ્યા પછી બહારના કશા કારણસર તે રોકવાની જરૂર જ ન પડે.

સ૦ એનો કંઇ ખ્યાલ આપી શકશો ?

જ૦ ના; કારણ મારી આંખ આગળ હજી સંપુર્ણ ચિત્ર તૈયાર નથી થયું.

સ૦ ચોરીચોરા જેવું થાય એમ તમને લાગે છે ખરૂં?

જ૦ ન થાય એની મનુષ્ય જેટલી સાવધાની રાખી શકે તેટલી રાખશું થાય તો લડત ન રોકવી પડે એવી તજવીજ શોધી રહ્યા છું.

સ૦ પણ તમને પાછળથી તમારી ભૂલ સમજાય તો?

જ૦ ભૂલ સમજાય તો તેનું પ્રાયશ્ચિત કરતાં મને આવડે છે.

સ૦ પણ તમે જે નુસખો શોધો છો તેવો ન જ જડે તો અને ચોરીચોરા જેવું થાય તોપણ સવિનય ભંગ ચાલુ રાખો?

જ૦ જો એવો નુસખો ન જ જડે તો ચોરીચોરાના જેવા સંજોગોમાં લડત બંધ કરવી પડે. પણ નુસખો ન જડે એમ હું નથી માનતો.

પ્રયાણ આરંભતાં પહેલાં

[મહાકુચના પહેલાં થોડા દિવસ સુધી અવારનવાર માનવમેદની આશ્રમભુમિ ઉપર દૃષ્ટિગોચર થતી હતી. તે પ્રસંગે જુદી જુદી વ્યક્તિઓ તરફથી મહાત્માજીને પ્રશ્નો પૂછાએલા તે પ્રશ્નો તેના ઉત્તર સાથે શ્રી. મહાદેવભાઈએ નવજીવનમાં આપેલા તે નીચે પ્રમાણે છે:]

આશ્રમમાં હમણાં માણસોની ભીડનો પાર નહોતો. પ્રાર્થનાભૂમિ ઉપર પણ છાપાંના ખબરપત્રીઓ આવવા લાગ્યા હતા, અને ગાંધીજીના 'વ્યુહ' જાણવા માટે લોકોનાં ટોળેટોળાં ઊલટયાં હતાં. પણ ગાંધીજી પોતાના 'વ્યુહ' કેવી રીતે પ્રગટ કરતા તે તો 'કસોટી અને

તૈયારી' લેખ વાંચનારા સારી પેઠે જાણે છે. હવે આ લેખમાં ગાંધીજીની પાસે પહોંચી જેમને વાતો કરવાની તક મળતી તેમની અનેક વાતોને પ્રશ્નોત્તરીરૂપે સાર આપવા ઇચ્છું છું.

શબ્દોથી હું મોહાતો નથી

પ્ર૦ આપ કઈ જાતનું રાજતંત્ર માગો છો ?

ઉ૦ જે તંત્ર પ્રજાની ઇચ્છાને વશ વર્તે અને તેની અમલ કરે તે.

પ્ર૦ આપને પ્રજાકીય તંત્ર જોઇએ ના ?

ઉ૦ એનું નામ હું નહિ પાડું; કારણ નામોનો મને મોહ નથી, અને તંત્રના રૂપ કે આકાર વિષે મને પડી નથી.

પ્ર૦ પણ એની નીતિરીતિ વિષે તો હશે ને ?

ઉ૦ એ વિષે તો અવશ્ય. મને નથી પડી તે તો એ તંત્રના આકાર વિષે.

પ્ર૦ ત્યારે તો રાજાસત્તાક વિષે આપને વાંધો નહિ હોય?

ઉ૦ મેં કહી જ દીધું છે કે મારો નામની સાથે ઝગડો નથી.

પ્ર૦ ત્યારે આપનું પ્રજાકીય તંત્ર કેવા પ્રકારનું હશે ?

ઉ૦ મને તેની ખબર નથી; મને તો એની નીતિમાં જ રસ છે. અને નીતિ એટલે પ્રજાની ઇચ્છાને પહોંચી વળવાનો સાધનમાર્ગ. એ સાધન બે જ હોઇ શકે: એક દગો, છળકપટ અને હિંસા, બીજું અહિંસા અને સત્ય. દગામાં હિંસા આવી જ જાય છે અહિંસામાં એને સ્થાન નથી.

પ્ર૦ ત્યારે અહિંસા સાથે દગોફટકો ન હોય ?

ઉ૦ ના; નહિ જ હોય. દગોફટકો એ જ એક જાતની હિંસા છે.

પ્ર૦ પણ મેં તો અહિંસા સાથે દગોફટકો ભાળ્યો છે. ચીન દુનિયાના એક શાંતમાં શાંત દેશ હોવાની ખ્યાતિ પામ્યું છે. એના દગાફટકાની વાતો કરવા બેસું તો આપને કંપારી છુટે.

ઉ૦ ફરી કહી દઉં કે શબ્દો મને આંજતા નથી. પ્રજા તરીકે ચીનાઓ જગતમાં શાંતમાં શાંત પ્રજા છે. પણ તેમનામાં દગોફટકો હોય જ તો તે શાંતિ સાચી નહિ હોય, સ્વેચ્છાપુર્વકની નહિ હોય. મારા કાર્યમાં દ્વેષ ન દેખાતો હોય છતાં દિલમાં તે ભરેલો હોય, તો હિંસક તો કહેવાઉં જ. હું જે અહિંસા અને શાંતિની વાત કરૂં છું તે તો હૃદયમળની પ્રસાદી છે. એ શાંતિ એ અહિંસા મારામાં હોય તો વેરઝેર હોય જ નહિ. હિંસા માત્ર કાયિક જ હોય એમ નથી. હું તો દરેકના હૃદયમાં ઘુંટડો ઉતારવા માગું છું કે કાયિક, વાચિક કે માનસિક હિંસાથી મારે હિંદને માટે સ્વરાજ્ય નથી મેળવવું. એ શકય છે કે અશકય છે એ નોખો સવાલ થયો. અત્યારે મારે માટે આટલું બસ થશે; જે માણુસ વ્યુહ ઘડી કાઢે અને પ્રજાને દોરે તે અણિશુદ્ધ હોવો જોઇએ. તેનામાં અહિંસા અને સત્ય હોવા જોઇએ. અહિંસા આપોઆપ કામ કરે છે, કૃત્રિમ રીતે પર–પ્રેરણાથી કામ નથી કરતી. આથી જ, અહિંસાની મારી યોજના પાર ઉતારવા માટે મે મહાસભાની કાર્યવાહક સમિતિ પાસેથી અબાધિત સત્તા માગી લીધી.

વિદેશી માલનો બહિષ્કાર વિ૦ સવિનય ભંગ

પ્ર૦ ગાંધીજી ! આપને નથી લાગતું કે પરદેશી માલનો બહિષ્કાર એ સવિનય કાનૂન ભંગ કરતાં વધારે અસરકારક થાત ?

ઉ૦ અનેક વર્ષો ઉપર પરદેશી માલની બહિષ્કારની ઠાલી બૂમ મેં સાંભળી હતી, અને મેં એને બદલે વિદેશી વસ્ત્રબહિષ્કાર મૂકયો. એની કંઇક અસર થઈ, પણ તમામ વિદેશી માલના બહિષ્કારની તો કશી જ અસર પડી નથી.

પ્ર૦ મને લાગે છે કે બંગાળામાં બ્રિટિશ માલનો બહિષ્કાર ઠીક સફળ થયો હતો, પણ બીજા પ્રાંતોએ એને ઉપાડી ન લીધો.

ઉ૦ ના, એ તૂટી પડયો. અમદાવાદ અને મુંબઈની મિલોએ ભળતું જ કાપડ મોકલી દેશને દગો દીધો, અને જે શુદ્ધ મિલનું કાપડ મોકલ્યું તો તેના દમ બાંધીને ભાવ લીધા.

પ્ર૦ મારૂં કહેવું પણ એમ જ છે. આ વસ્તુને પુરી ગંભીરતાથી અજમાવવામાં આવી નહોતી.

ઉ૦ એમ જ હોય તો તો લોકો એને અખતરો કરી જોવા તૈયાર નહોતા એમ થયું. મારી વાત પૂછો તો મને એ વસ્તુમાં વિશ્વાસ જ નહોતો, એટલે હું એને શી રીતે ટેકો આપી શકું.

પ્ર૦ પણ સવિનય કાનૂનભંગ કરતાં વિદેશી વસ્ત્રબહિષ્કાર કરવો વધારે સહેલો નથી ?

ઉ૦ ના; વધારે મુશ્કેલ છે. વિદેશી વસ્ત્રબહિષ્કારમાં ૩૦ કરોડ પ્રજાનો સહકાર જોઇએ, જ્યારે સવિનય કાનૂન-ભંગમાં તો દશ હજાર તેજસ્વી સ્ત્રીપુરૂષો નીકળી આવે તો બેડો પાર થાય.

પ્ર૦ જેલમાં પણ ?

ઉ૦ વાત તો એ છે કે સરકાર એમને લાંબો વખત જેલમાં નહિ રાખી શકે. સાચું કહીએ તો ૧૯૨૧ માં આપણી પાસે ૫,૦૦૦ પણ શુદ્ધ સત્યાગ્રહીઓ નહોતા. રાજદ્વારી કેદી માત્ર સવિનય કાનૂન ભંગી હોય જ એમ નથી.

પ્ર૦ હા; મેં સાંભળ્યું છે ખરૂં કે આપ હિંસાને રોકવાને માટે જ આ લડત માંડી રહ્યા છો.

ઉ૦ એ તો એક કારણ થયું પણ એ જ એક કારણે મેં આ લડતનો આરંભ નથી કર્યો. મારી પાસે તો આથી પણ વધારે સબળ કારણ છે, અને તે એ કે અહિંસાએ જો પોતાનું પોતાપણું સાબિત કરવું જ હોય તો તે આજે જ કરી શકે એમ છે. કેટલેક ઠેકાણે અહિંસાને નિષ્ક્રિય અને નામર્દોના સાધન તરીકે ઓળખવામાં આવે છે તે ખ્યાલને ખોટો પાડવો જ રહ્યો. અને અત્યંત અસરકારક રીતે એનો અમલ થાય ત્યારે તો બહારનાં ઘાતક વિઘ્નો છતાં એ એનું કામ કર્યે જશે. અહિંસાનો સ્વભાવ જ એવો છે કે આ બધા બાહ્ય અંતરાયો તેની આગળ પીગળી જશે. બીજી બાજુ જોશું તો દગો અને રાગદ્વેષ જેવા આંતરિક અંતરાયો આ હિલચાલને ઘાતક નીવડશે. અત્યાર સુધી હું કહેતો હતો: 'હિંસાનાં બળો ઉપર મને કાબુ

મેળવવા દો.' હવે મને લાગે છે કે અહિંસાને પુરી રીતે અમલમાં મૂકીને જ આ હિંસાનાં બળો ઉપર હું કાબુ મેળવી શકીશ.

પણ લોકો મને કહે છે : 'ઇતિહાસનું હિંદમાંયે પુનરાવર્તન થશે.' એ થવાનું જ હોય તો ભલે થતું. આથી કંઈ મારે મારી લડત પડતી મૂકવી ન જ જોઇએ. જો તેમ કરૂં તો હું કાયરતાના દોષને પાત્ર થાઉં. આ સરકાર સાથે મારે જીવસાટે લડવું જ જોઇએ. એમ કરીને જે અરાજક ગુપ્ત ખુનામરકી ચાલી રહી છે તે ઉપર કાબુ મેળવી શકીશ. સાચી અને આપોઆપ કામ કરતી અહિંસાનો જ્યારે પ્રયોગ થશે ત્યારે જનતા અવશ્ય પોતાનો પુરૂષાર્થ બતાવશે.

ચમત્કાર

પ્ર૦ પણ આપ ગિરફતાર થશો એટલે લડત આપના હાથમાં નહિ હશે તે?

ઉ૦ દક્ષિણ આફ્રિકામાં લડતના પાછલા ભાગમાં ખુબ ચેતન આવ્યું હતું તે કંઈ મારે લીધે નહોતું આવ્યું; લડત મારા હાથમાં ત્યારે નહોતી જ. હજારોએ અંદરની ઉર્મિથી લડતમાં ઝુકાવ્યું. મેં તો એમનાં મો સરખાં જોયાં ન હોતાં. એમને ઓળખતો તો હું કયાંથી જ હોઉં? તેમને લાગ્યું કે જોડાવું જ પડશે અને તેઓ જોડાયા, કદાચ તેમણે મારૂં નામ સાંભળ્યું હશે. આંખના પલકારામાં તેમને ઠસી ગયું કે એ લડત તેમના છુટકારા માટેની હતી. તેમને એટલી ખાતરી થઈ હતી કે આ એક માણસ ત્રણ પાઉંડના કર માટે ઝુઝી મરવા તૈયાર હતો.

અને તેમણે ઝંપલાવ્યું. તેમની સામે કેવી કેવી મુસ્કેલીઓ હતી? તેમની આંખોનાં કેદખાનાં બન્યાં. રાતદિવસ એમના ઉપર જુલમ ગુજારી રહેનારાઓ એમના દરોગા થયા. તેઓ જાણતા હતા કે તેમના ઉપર રૌરવ નરકના જુલમ ઊતરશે. છતાં તેઓ ડગ્યા નહિ, ખંચકાયા નહિ. એ તો એક ચમત્કાર હતો. છતાં તેઓ ડગ્યા નહિ, ખંચકાયા નહિ. એ તો એક ચમત્કાર હતો.

આખરી ફેંસલો

પ્ર૦ પણ આ લડતથી દેશમાં વધારે તડાં નહિ પડે?

ઉ૦ મને એવો ભૈ નથી. જેમ હિંસાનાં બળો કાબૂ તળે લાવી શકાશે તેમ કુસંપનાં બળો વિષે પણ છે. પણ ભય તો બીજો છે: હિંસાવાળો પક્ષ મારી વિનંતિઓને ન માને, અને જનતા આંધળિયાં કરે. હું આશાવાદી છું, મનુષ્યસ્વભાવમાં મારી અતૂટ શ્રદ્ધા છે. બનવાજોગ છે કે આ શેખચલ્લીના વિચારો હોય. પણ કોઈ પણ સરદાર આવનારી બધી આફતોની ગણતરી કરી શકતો નથી. મારે માટે તો આ આખરી ફેંસલો છે લડત કાંઈ મારે માગ્યે નથી આવી. હું તો મારી ઘણી નામરજી છતાં કલકત્તા ખેંચાયો હતો. મારે વળી સમાધાનીમાં પડવું પડ્યું. કાંઈ નૈતિક સિદ્ધાન્તનો વાંધો નહોતો એટલે વળી મારે બે વર્ષને બદલે એક વર્ષ કરવું પડ્યું. લાહોરમાં લગભગ દરેક ઠરાવ મારે વિચારવો પડ્યો અને ઘડવો પડ્યો. ત્યાં હિંસા અને અહિંસાની બાજી ચાલી રહી હતી, અને છેવટે મને લાગ્યું કે અહિંસાનો હિંસા ઉપર વિજય થયો.

આ મુહૂર્ત કહેવાય?

પ્ર૦ આપે પહેલાં કહ્યું હતું કે સવિનય ભંગ માટે મુહૂર્ત નથી હજી. આજે એવું તે શું થયું છે કે આપે આપનો વિચાર ફેરવ્યો છે?

ઉ૦ મને ખાતરી છે કે મુહૂર્ત આવી ચૂક્યું છે. કારણ કહું? બહારનું તો ખાસ કંઈ નથી બન્યું, પણ મારા મનમાં જે ગડમથલ ચાલી રહી હતી અને જે મને અત્યાર સુધી રોકતી હતી તે હવે શમી ગઈ છે. મને હવે પાકી ખાતરી છે કે લડતનો સમય બરોબર આવ્યો છે; અરે, ક્યારનો થઇ ગયો છે.

પ્ર૦ ત્યારે એ અંતરની ગડમથલ શી હતી?

ઉ૦ તમે જાણો છો કે હું અહિંસાને દ્રષ્ટિમાં રાખીને જ બધી પેરવી કરતો હતો. પણ વધતી જતી હિંસાની સામે મારે એ વિચારને વર્તનમાં કેવી રીતે મૂકવો એ મને સૂઝતું નહોતું. હવે મને દીવા જેવું સાફ દેખાય છે કે આજે મેં લીધેલા માર્ગથી હું ખુનામરકીનું જોખમ હળવું કરૂં છું.

પ્ર૦ આપને ખાતરી છે કે મીઠાની લડત આપને જેલ અપાવશે?

ઉ૦ એ વિષે મને કશી શંકા નથી. એ કેટલો વખત લેશે એ હું ન કહી શકું. પણ લોકો ધારતા હશે તેથી વહેલુ એ આવશે. મને લાગે છે કે કટોકટીનો મામલો આવી પહોંચશે, અને પરિણામે યોગ્ય પરિષદ ભરાશે. એ પરિષદ ગોળમેજી ન હોય, પણ ચતુષ્કોણ મેજી હશે; તેમાં હાજર રહેનાર દરેક સભ્યને પોતે ક્યાં છે તેનું સંપૂર્ણ ભાન હશે.

પરિષદની ચોક્કસ રેખા શી હશે તે હું અત્યારે કહી શકતો નથી પણ એ પરિષદ સમોવડિયાઓની હશે; અને તેમાં હિંદમાં સ્વાતંત્ર્ય બંધારણ સ્થાપવા માટેનાં સાધનો શોધવા એક સાથે વિચાર કરશે.

વાઇસરાયની મુલાકાત વિષે

પ્ર૦ વાઇસરૉય સાથેની વિષ્ટિનો એકાએક અંત આણવા માટે આપ જવાબદાર નથી ?

ઉ૦ મને ખબર છે કે લોકોના અમુક ભાગમાં આવી માન્યતા છે, લોકોએ થોડોક વખત મને ઠપકો આપ્યો. પણ હવે તેઓ સાચી વાત શી હતી તે જાણી ગયા છે.

પ્ર૦ આપને પુરી ખાતરી છે કે આપે એ પગલું લીધું ત્યારે આપ જુવાનિયાઓના વિચારથી દોરવાયાં નહોતા ?

ઉ૦ ના; જરાય નહિ. ગોળમેજી પરિષદ વિષે મેં કંઈ લાંબી આશા રાખી જ નહોતી. મારાથી જવાય એટલો દૂર હું ગયો. પણ મેં તો આ મૂળ મુદ્દા ઉપર જ ભાર મુકયો હતો: હિંદુસ્તાનને સારૂ 'ડુમિનિયન સ્ટેટસ'ની યોજના ઘડવાને માટે જ પરિષદ હોય. વાઈસરૉયે જો આની 'હા' કહી હોત, તો મેં ખુશીથી એમને બીજા મુદ્દાઓની ચર્ચા કરવા દીધી હોત.

પ્ર૦ ત્યારે એ યોજના થોડા વર્ષ પછી અમલમાં આવતે તો આપને વાંધો નહોતો ?

ઉ૦ જો એ યોજનાનો અમલ લાંબે સમયે થવાનો હોત તો તો મેં તેને ફગવી દીધો હોત. પણ વાઇસરૉય સાથેની મુલાકાત વિષે આપણે વાત ન કરીએ. લોકોને એ

વિષે કોઈ દિવસ વધુ ખબર પડશે. હું તેમને ખાતરી આપું છું કે 'ડુમિનિયન સ્ટેટસ'ની સાચી યોજના ઘડવાનો ત્યાં પ્રશ્ન જ નહોતો.

અગિઆર માગણીઓ

પ્ર૦ હવે આપની જાણીતી અગિઆર માંગણીઓ વિષે. ધારો કે એમાંની કેટલીક કબુલ કરવામાં આવે તો આપ સમાધાન કરો ?

ઉ૦ કેટલીક મુખ્ય માગણીઓ સ્વીકારવામાં આવે અને બાકીની માગણીઓ વિષે વચન આપવામાં આવે કે તે વહેલામાં વહેલી તકે સ્વીકારાશે તો પરિષદ વિષે હું વિચાર કરૂં. પરંતુ આ બધી માગણીઓનું ન્યાયીપણું સ્વીકારાવું જ જોઇએ. તમે સંમત થશો કે આ માગણીઓમાં નવું કંઈ નથી. ઠેઠ દાદાભાઈ નવરોજીના જમાનાથી એમાંની ઘણી માગણીઓ મુકાતી આવી છે.

પ્ર૦ ધારો કે દીવાની અને લશ્કરી ખર્ચને ઘટાડવાની આપણી માગણી મંજૂર રાખવામાં આવે તો એ એમની 'શુદ્ધ દાનત'નો પુરાવો ન ગણાય ?

ઉ૦ તો હું મારી સ્થિતિનો ગંભીરપણે ફરીથી વિચાર કરૂં ખરો. પણ આ બધું એ માગણીઓ કેવા ભાવથી મંજૂર રખાય તેના ઉપર આધાર રાખે છે.

સ૦ દેશસેવા કરતાં પહેલાં કુટુંબસેવા ન કરવી જોઇએ ?

જ૦ જરૂર કરવી જોઇએ પણ કુટુંબસેવા એ લોકસેવાની વિરોધી ન હોઇ શકે. પહેલાં પોતાની સેવા, પછી

કુટુંબસેવા, પછી ગામસેવા અને પછી દેશસેવા એ ક્રમ હું માનું છું, પરંતુ કોઇપણ સેવા ... તેના કલ્યાણની વિરૂદ્ધ ન હોવી જોઇએ. દેશના આવા દારિદ્યના કાળમાં કુટુંબ-સેવાને નામે બહેનના વિવાહમાં વિશ હજાર રૂપિયા ખર્ચી ન શકાય.

સ૦ એકસંપ હોય તો મહિનામાં સ્વરાજ્ય મળે ?

જ૦ એક સંપનો અર્થ સમજીએ. એકસંપ એટલે એકમત નહિ. કપાળે કપાળે જૂદી મતિ હોય, છતાં એક-સંપ હોય. માલવિયાજી અને મારે મતભેદ છે, છતાં અમે બન્ને વચ્ચે ભારે સંપ છે. અસહકારીનાં કૃત્યોથી જ વિરોધીઓ સાથે સંપ થાય. જ્યાં દલીલ કામ નથી કરતી ત્યાં એક સત્કાર્ય કરે છે. બાંધી મુદતમાં સ્વરાજ્ય મેળ-વવાના મારા વચનની સાથે શરત રહેલી છે.

સ૦ હિંદુસ્થાનની પરરાજ્ય સાથેની નીતિ શાના આધારે નક્કી થશે ? પ્રજાહિતને લક્ષમાં રાખીને કે બીજા કશાને ?

જ૦ હિંદુસ્થાનની પ્રજાના હિતને જ પ્રધાનપદ આપવું જોઇએ એ તો દેખીતું જ છે.

સ૦ શાસ્ત્ર કે શરિયતમાં એક વાત કહી હોય અને રાષ્ટ્રનું હિત તેનાથી વિરૂદ્ધ હોય, ત્યારે તેનો નિવેડો કેવી રીતે કરવો ?

જ૦ એ સવાલ જ અવાસ્તવિક છે. કોઇપણ કોમનુ કે તેના ધર્મનું હિત અને રાષ્ટ્રનું હિત એક જ હોવાં જોઇએ.

સ૦ શું જમીનદાર અને રૈયત વચ્ચે વિરોધભક્તિ જ રહેવી જોઇએ ?

જ૦ મને આશા છે કે સ્વરાજ્યમાં તેમ નહિ હોય-સ્વરાજ્યમાં તો તેઓ સંતુષ્ટ અને પરસ્પર મદદકર્તા જ થશે.

સ૦ સ્વદેશભક્તિમાં કંઈ શરતો હોઈ શકે? હોય તો કઈ?

જ૦ દેશભક્તિ એ પ્રભુભકિત કરતાં હંમેશા જ ગૌણુ છે.

સ૦ તમે સ્વરાજ્યની વ્યાખ્યા કેમ નથી આપતા? તમને એટલું યે નથી લાગતું કે કાંઈ નહિ તો તમારા અનુ-યાયીઓને તો એ શબ્દની વ્યાખ્યા આપવાની તમારી ફરજ છે?

જ૦ પ્રથમ તો એ શબ્દ જ એવો કે જેની વ્યાખ્યા ન આપી શકાય. બીજાના વિચારો અને કાર્યની સંપુર્ણ સ્વતંત્રતાની આડે આવ્યા વિના આપણા વિચારો અને કાર્યની પારપુર્ણ સ્વતંત્રતા ભોગવવી તેનું નામ સ્વરાજ્ય. એટલે એનો અર્થ એવો થાય કે બીજા દેશોની આડે આવ્યા વિના અથવા તેમની દરમિયાનગિરી સહન કર્યા વિના પોતાની આવકોનાં સાધનો અને ખર્ચની બાબતોમાં હિંદુસ્થાનનો સંપુર્ણ કાબુ હોય તે.

સ૦ સ્વરાજ્ય મળ્યા પછી તમે પોતે કયું પદ ભોગવશો?

જ૦ મને લાંબી અને કદાચ મારી વ્યાજબી હકની રજા ભોગવવાનું ગમે.

સ૦ મલબારમાં હિંદુ–મુસલમાન એકતામાં ભંગાણુ પડયુ તેનું ખરૂં કારણ શું છે?

જ૦ ત્યાં એકાએમાં ભંગાણુ પડયું જ નહીં. મોપલાં ઓએ હિંદુઓને પોતાના ભાઇ કોઇ દિવસ ગણ્યા જ ન હતા. આ તોફાનનું કારણુ તો એ છે કે સને ૧૯૧૯ માં જેમ પંજાબમાં બન્યું હતું તેમ જ મલબારમાં પણુ અસહકારનો સંદેશ પુરો પાંસરો પહોંચ્યો ન હતો, તે પહેલાં જ અમલદારોએ તેની પ્રગતિ અટકાવી. મોપલાઓ મલબારના હિંદુઓ સાથે ખાસ એખલાસથી કોઇ દિવસ રહેતા જ નહીં. પહેલાંયે તેઓ તો લુંટફાટ કરતા. ઇસ્લામ વિષેના તેમના ખ્યાલો પણ ઘણા કઢંગા પ્રકારના છે, સરકારે તેમને પુરા અંધારામાં રાખ્યા અને મુસલમાનોએ કે હિંદુઓએ તેમની સંભાળ ન લીધી. બહાદુર ખરા પણુ જંગલી અને અજ્ઞાન હોવાથી ખિલાફતનો મંત્ર તેઓ ન સમજ્યા અને જંગલી અમાનુષી તથા અધાર્મિક રીતે વર્ત્યા. મોપલાઓના આ વર્તનથી ઇસ્લામનો અથવા હિંદુસ્થાનનાં બાકીના મુસલમાનોનો કયાસ બાંધવો એ વ્યાજબી નથી.

એ મહાન સંતના પવિત્ર જીવનનાં પાંચ દશ્યો

લખનાર: રા. નરીમાન સોરાબજી આળવાળા

હે મહાત્મા અમારા,
દુનિયા નમે છે આજે.
ઓ સત્યના સિતારા,
તું દિલદિલે વિરાજે.

દશ્ય પહેલું

મુંબઇ અને ઇંગ્લાંડથી તરતનો જ પાસ થએલ એક નૌજુવાન બૅરિસ્ટર આફ્રિકા આવે છે. એણે અંગ્રેજી પોષાક સજ્યો છે. શોર્ટ ફ્રોકકોટ અને ટીપકાંવાળો ટાઇ એની ગરદનની આસપાસ શોભી રહી છે. હાથમાં ન્હાનોશો 'બૅગ' તેમાં વધારો કરે છે.

આફ્રિકામાં આવ્યા પછી એને ડરબનથી કોઇ ગામ જવાનું હતું. 'કોચ' એ સાધારણ વપરાતી ત્યાંની ઘોડાગાડી છે. આવી એક ગાડીમાં આગલી બેઠકના પૈસા આપી આ યુવાન બૅરિસ્ટર, હાંકનાર પાસેની જગ્યા પર ચઢી બેઠો.

"કોચ" ઉપડે તે પહેલાં એક ગોરો ત્યાં આવી ચઢયો. કોઇ 'નેટિવ'ને આગલી જગ્યા પર બેઠેલો જોઇ એના નાકમાં ગંધ આવી ગઇ! એનાં નયનો ફરી ગયાં! ઘણા ગુસ્સા અને તુમાખથી તેણે તે યુવાનને ત્યાંથી ઉતરી જવા કહ્યું. યુવાને નમ્રતાથી તેમ કરવાની ના પાડી અને કહ્યું:

'સાહેબ' દિલગીર છું કે તમને જગ્યા આપી શકતો નથી. મેં એનું દામ આગળથી ચૂકવી આપ્યું છે.' પેલો ગોરો તો વધારે છેડાયો અને બોલ્યો કે 'તમને ઉતરવું જ પડશે. આ જગ્યા ગોરાઓ માટેની છે. ગોરાઓ માટે તમારે જગ્યા કરી આપવી જ પડશે.' પેલા યુવાને એઠે એકજ જવાબ આપ્યો કે, 'મારી જગ્યા તો હું ન જ છોડું. પાછળી ગાડીમાં ઘણી જગ્યા છે ત્યાં બેસો."

પણ ગોરો માને! તેણે તો હવે હાથ ઉગામ્યા. લાકડી વડે પેલા યુવાનને મારવા માંડયો. તે તો ગાડીના કઠેરાને વળગી રહ્યો. એ નમતું આપે એવો નહોતો. એના આંગળાંઓ ઉપર ફટકા પડ્યા. એ ન હઠયો, સામોયે ન થયો. ફટકાઓ પડતા ગયા. યુવાન લગભગ બેશુદ્ધ જેવો થયો; પણ તેણે જગ્યા ન છોડી. જરાયે સામા થયા વગર પણ પોતાનો મજબુત હક્ક સાચવીને તેણે ગોરાને જગ્યા ન જ આપી. વાત વધી પડી. બીજાઓ વચ્ચે પડયા. હાંકનારે પણ ગોરાની ક્રૂરતા જોઈ; યુવાન માટે એને માન ઉપજયું. એણે તેનો પક્ષ લીધો. અંતે ગોરો હઠયો અને ફફડીચટકીને તેણે પાછળ જગ્યા લીધી.

આમ આ પહેલો વિજય થયો. એ યુવાન જીત્યો—

પશુબળથી નહીં—આત્મબળથી.

ત્રીસ વર્ષની આ વાત છે. એ દહાડે ડરબનના 'કોચ' ઉપર મિ. એન્ડ્રુઝ લખે છે તેમ **'અસહકારનો આખો કાર્યક્રમ તેના બધાઅંગો સહિત ઘડાયો.'**

કોણ હતો આ યુવાન બૅરિસ્ટર?

દશ્ય બીજું.

૧૯૦૮ ના સપ્ટેંબરના એક રવિવારની સાંજે ૭ કલાકે જોહાનિસબર્ગના પાર્ક સ્ટેશનના પ્લેટફોર્મ પર માણસોનું મોટું ટોળું ભેગું થયું હતું. મદ્રાસીઓ અને બીજાઓ મેલ ટ્રેનની રાહ જોઇ રહ્યા હતા. મેલ ટ્રેન આવવાનો તો દરરોજનો બનાવ હતો. પણ આજ તો કાંઇક અસાધારણ જણાતું હતું. કોઇ જાણીતી ને માનીતી વ્યક્તિ આ ટ્રેનમાં પધારનાર હતી, તે વહાલા અને પ્યારા ચહેરાને છેલ્લીવાર જોવા સૌ અધીરાં થઇ રહ્યાં હતાં.

ટ્રેન આવી, 'સેકન્ડ કલાસ'ના ડબ્બામાંથી જેલનાં અધિકારી સાથે એક વ્યક્તિ કુદી પડી–શ્યામ વર્ણની, નાની, ચપળ કૃશ શરીરવાળી પણ શાંત આંખોવાળી.

એ વ્યક્તિ દક્ષિણ આફ્રિકાના કેદીઓના પોશાકમાં સજ્જ થઇ હતી. બંડી અને સુરવાળ એનાં અંગ પર હતાં. બંડી પર નંબરવાળી ટિકિટ ચોડી હતી. એ કોણ વ્યકિત હતી? શું એ આફ્રિકાવાસી હતી? ના, ના, એ હિંદી હતી. એ હિંદ ભૂમિમાં પેદા થએલી હતી.

એના હાથમાં કેનવાસનો થેલો હતો. જેલ અધિકારીઓએ એને પોતાના સ્વાધીનમાં લીધો તે વેળાના એનાં શરીરપરનાં કપડાં એમાં સીંચેલા હતાં. વળી નાનીશી ટોપલીમાં થોડીક ચોપડીઓ પણ જણાતી હતી.

સરકારના હુકમથી કાંઇપણ ખોરાકના બંદોબસ્ત વગર એને કલાકો સુધી બસો માઇલની મુસાફરી કરવાની હતી. આ સ્ટેશનથી હવે એને જેલ વોર્ડર સાથે શહેરમાં

થઈને જવાનું હતું. લાંબી એ મુસાફરી હતી. ચાલીને જવું કે ગાડીમાં? પોતાને ખર્ચે એ ગાડીમાં જઈ શકે છે એમ વોર્ડર એને કહેતો, પણ એણે તો ચાલીને જવાનું પસંદ કર્યું. જયઘોષ વચ્ચે એ શહેરમાં થઈને જવા નીકળ્યો. એ કેદી હતો પણ તેથી એ શરમાતો નહોતો. એના ચહેરા પર તો નિશ્ચય ભાવ હતો—જાણે કોઈ યોધ્ધો લડાઈ જીતીને શહેરમાંથી જતો હોય!

જેલનો દરવાજો આવ્યો. એ દરવાજે "સંપ ત્યાં જય" એવું સુત્રવાક્ય લખાયેલું હતું. એમાં એ દાખલ થયો. એની પાછળ દરવાજા બંધ થયા. લોકોની ભીની આંખો એને જોઈ રહી, તેઓની નજરથી એ ગુમ થયો. ઓળખો છો એ કેદીને?

દૃશ્ય ત્રીજું

પાંચ વર્ષ પસાર.

ઉત્તર નાતાલની કોલસાની ખાણમાંથી બહાર પડેલું હજારો મજુરોનું ટોળું ત્રણ માઈલના ધુળધાંખરાના રસ્તે જતું માલમ પડતું હતું. તેઓ પર ત્રણ પૌંડનો કર નંખાયો હતો. ન્યુકેસલથી ચાર્લ્સટાઉન સુધી કુચ કર્યા પછી એ મજુરો ટ્રાન્સવાલના વોલ્કર્ટ શહેરમાં આવી પુગ્યા. દિવસો સુધી તેઓ ચાલ્યા રહ્યા હતા. મુઠ્ઠીભર ચોખા, પાંઉં અને ખાંડ એજ તેઓનો ખોરાક હતો ત્રણ પૌંડનો કર પોતાને માથેથી કાઢી નાખવા માટે આમ તેઓની લડત હતી. આશામાં ને આશામાં તેઓ દુર દુર ચાલી રહ્યા હતા. કોણ તેઓને ચલાવી રહ્યું હતું? કોણે તેઓને આ લડતમાં પ્રેર્યા હતા?

આ મોટી સંખ્યાને મોખરે હાથમાં લાકડી લઈ કૃશ શરીરવાળો એક જુવાન ચાલી રહ્યો હતો. એના પરજ મજુરોની સઘળી આશા હતી. એ યુવાન જેમ કહે તેમ,—રે, મરવા વટિક તૈયાર થઈ રહેલું આ ટોળું હતું. એ યુવાનની સરદારી હેઠળ ટોળું આગળ ને આગળ ઉત્સાહભેર વધતું હતું.

યુવાન સરદારે દિવસમાં એક જ વાર ભોજન લેવાનું પણ લીધું હતું. જ્યાં સુધી એના બંધુઓ પરથી પેલો કર દુર ન થાય ત્યાં સુધી એ એકજ ભોજન પર રહેનાર હતો.

અને છુટાપાડો આપણને લીધે દુનિયાએ કદિ ન જોઇ હોય એવી લડત તે પછી ચાલુ થઈ. ત્રણ પૌંડના કર સામે શાંત વિરોધ હતો. એ લડતમાં નહોતો ધિક્કાર, નહોતી તલ્વાર, નહોતું રેડાયુ લોહી.

એકદા એની આજ્ઞા—ડંકા વાગ્યો ને નિઃશસ્ત્ર નરનાર ને બાલકોની ચાર હજાર દુઃખી સજ્જનોની સેના ત્રાન્સવાલને હુમલે ચાલી. આશ્ચર્ય ચકિત જગ નીરખી રહ્યું, જગતના ઇતિહાસમાં અદ્વિતીય દુભાયલાં ચાર હજારની તે કુચ મોખરે હતો તે સેનાધિપતિ. સિંહને શસ્ત્ર ન હોય, ને ન હતાં તે નર કેસરીને. (ન્હાનાલાલ

એ ટોળામાં યુવાન સરદારની આંખો કાંઇક અસાધારણ દુર દુરનું સુચન કરી રહી હતી. ત્રણ પૌંડના કર સામેનો શાંત વિરોધ જગતમાં કાંઇક નવુંજ દેખાડ નાર હતો.

અને જગતે તે શું નહીં જોયું?

ત્યારે કોણ હતો એ વીરલો શસ્ત્ર વગર લડનાર?

દૃશ્ય ચોથું

(નવ વર્ષનો ગાળો)

અમદાવાદના દરબાર ગઢમાં સજ થએલા હજારો યાત્રાળુઓ એકઠાં થયાં હતાં. ૧૮ મી માર્ચની બપોરના બાર વાગ્યેનો વખત હતો.

પેલો જ ઉપલાં દૃશ્યમાં વર્ણવેલો યુવાન આ દરબારમાં દાખલ થયો. હવે એ યુવાન રહ્યો નહોતો. વર્ષોનો લોખંડી પંજો એના પર પડી ચૂકયો'તો. એ શરીરે વધારે નબળો થયો હતો. પણ મન અને મગજે તો એ યુવાન જ હતો. તે જ ઠરાવ, તે જ નિશ્ચલભાવ, તે જ આંખ્યો. એ મૃદુભરી શાંત આંખ્યો ! એ પ્રેમ અને દયાભીની આંખો ! એ નવ વર્ષના ગાળામાં એણે જગતને નવુંજ દેખાડી દીધું હતું, એની બંસીએ બધા ડોલી રહ્યા હતા !

એ આવ્યો. દરબારગઢમાં દાખલ થયો. હવે તો એણે શરીર પર ફકત કચ્છ જ નાખ્યો હતો. કચ્છભેર જ એ અંદર આવ્યો. મધુરાં મુક્ત હાસ્યમાં એણે આસપાસ નજર કરી. 'ઓહહ ! આ તો બધું કુટુંબી મેળા જેવું થઇ રહ્યું છે,' એ બોલ્યે.. એણે પછી જગ્યા લીધી. એ પોતાનો મુકર્દમો સાંભળવા આવ્યો હતો.

આ મુક્ત હાસ્યે કંઇકોની આંખ ભીની થઇ. ભેગાં થયલાંઓના. જીગરમાં ચોકા પડવા લાગ્યા.

આ પુરૂષ કેદી !

મુકદમો શરૂ થયો. એ કેદીએ ઐતિહાસિક એકરાર રજુ કર્યો. કોનો એ એકરાર ? શું એ કેદીનો એકરાર હતો ?

ના, ના, એ કેદીનો નહિં પણ ઇતિહાસનો એ એકરાર હતો. એ સોનેરી હરફોએ તવારિખમાં નિરંતર નોંધીએલો રહેશે.

કેદીએ દયા ન માંગી, કાયદામાં વધતામાં વધતી જે સજા થઇ શકે તે વહોરી લેવા તે તૈયાર હતો.

આ પછી સરકાર તરફનો ચુકાદો અપાયો. જજ પણ ગળગળો થઈ ગયો. એને યે આ કેદી માટે માન ઉપજ્યું, પણ એને તો એની ફરજ બજાવવી હતી. છતાં એ ન વિસર્યો એ દિવસની મોટાઈ અને એ ન ભુલ્યો કે એ કોની તપાસ કરી રહ્યો છે. કેદી પ્રત્યે એ બોલ્યો: "તમારા લાખો શહેરીઓની આંખમાં તમે મહાન સ્વદેશાભિમાની સરદાર છો. તમારાથી જુદા પડનારાઓ પણ તમારી ઉંચામાં ઉંચી આદર્શ સાદી જીંદગી માટે એ મત ધરાવતા નથી."

અને પછી જજ એ કેદીને છ વર્ષની ટીપ આપે છે. તેમ કરતાં વળી એ છેવટે ઉમેરે છે કે, 'કંઇક એવા બનાવ બને જેથી તમે છુટી જાઓ તે વેળાં મારી ખુશાલીનો પાર રહેશે નહી.'

પુર્ણ શાંતિ સાથે કેદી જજનો આભાર માને છે. જજ નમીને જાય છે. ખરે જ 'જે નમી શકે તે નમાવે.'

બાદ કોર્ટ મંદીરનું રૂપ ધારણ કરે છે. સર્વ ધસે છે આગળ, એને મળવા, એ કેદીના દર્શન કરવા, એને ચરણે પડવા—રડતી ચશ્મોએ, ભીની આંખ્યોએ."

કોણ હતો એ કેદી જજનેય ગળગળો કરનાર—જજનેય મોહ પમાડનાર?

દશ્ય પાંચમું.

પહેલાં દશ્યમાં વર્ણવેલો યુવાન હવે ૬૦ વર્ષનો ડોસો બન્યો છે. એનું જોર અને જોમ તેવુંજ છે ૧૯૩૦ ના ૧૨ મી માર્ચને એણે તવારિખમાં યાદગાર કરી દીધી છે. સરકારને છેવટનો પડકાર કરી તેના કાયદા તોડવા એ દિવસની સુપ્રભાતે પોતાના જેવા કષ્ટ ખમનારા ૭૯ યુવાનોને લઇને સાબરમતીને કાંઠેથી કુચ શરૂ કરી છે. એ પગપાળો આગળ અને આગળ વધે છે. સર્વ જોઇ રહે છે. તે જ ભવ્યતા તે જ નિશ્ચલભાવ એના ચહેરે તરે છે. દુનિયા આ કુચને જોઇ રહે છે. સરકાર એ કુચને હસી કાઢે છે. એની એ ડોસાને ગમ નથી. તે તો આગળ અને આગળ એક ગામડેથી બીજે ગામડે જાય છે અને પ્રજામાં ચેતન રેડે છે. એનાં એકેક પગલાની કુચે સરકારનું હસવુ ઉડે છે. પ્રજાના સેંકડો વર્ષોના તાપ સમાવનાર અને તેની સ્વાતંત્ર્યની આરઝુને તૃપ્ત કરવાનો મોક્ષમાર્ગ બતાવનાર આ મહાન આત્માને વધાવવા ગામડેની જનતા ઉછળી પડે છે, લાકડીના ટેકાવડે એ ભવ્ય ડોસો ઝપાટાબંધ કુચ કરે છે અને દાંડી કિનારે આવી કાયદાનો પહેલો ભંગ કરે છે. ચપટી નિમક બનાવે છે એ ચપટી નિમકનો ચેપ જોતજોતામાં દેશભર ફેલાઇ જાય છે એ જંગી ઐતિહાસિક કુચ આગળ વધે છે. પણ કુચના એકેક પગલાંએ જે ધરતી ધ્રુજાવી તે પછી વધુ એક પગલું આગળ ભરવા દેવામાં આવતું નથી. અને એક રાતે આ ભવ્ય મહાબળી

ડોસાને સુતેલા જગાડી પકડી પરોડાની દીવાલ પાસ પૂરી દેવામાં આવે છે. કોણ એ ?

પહેલા દશ્યનો યુવાન બૅરિસ્ટર અને તે પછીના દ્રશ્યનો તે જ યુવાન અને છેવટનાં દશ્યનો એ ભવ્ય ડોસો—એ કોણ ? એને કોણ ન જાણે ? એને કોણ ન પિછાણે ?

એ તો ગુજરાતનો તપસ્વી
સાબરમતીનો સાધુ
અસહકારના મન્ત્રો શીખવતો
ગુજરાત ગજવતો
હિંદને સંદેશા સુણાવતો
એ વસિષ્ઠ સમો
રામ સમો બ્રહ્મચારી
ધર્મ સમો સત્યાચારી
ભારતનો શૂરવીર
સાધુ સેનાધિપતિ

મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી

(ન્હાનાલાલ)

સમાપ્ત.